RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 280* Date: 06.08.2022, Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# મોંઘવારી વિરૂધ્ધ કોંગ્રેસનું દેશભરમાં હલ્લાબોલ

■ દિલ્હીના રસ્તાઓ પર સંગ્રામ,પોલીસે રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી સહિત અનેક કાર્યકરોની અટકાયત કરી,

■ અમારું કામ આ તાકાતોનો વિરોધ કરવાનો છે. અમારું કામ એ સુનિશ્ચિત કરવાનું છે કે ભારતીય લોકતંત્રની રક્ષા થાય.: રાહુલ ગાંધી



નવીદિલ્હી,તા.૫

મોંઘવારી વિરુદ્ધ આજે દેશભરમાં કોંગ્રેસે વિરોધ પ્રદર્શન કર્યા હતાં વિરોધ પ્રદર્શન દરમિયાન દિલ્હી પોલીસે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી,પ્રિયંકા ગાંધીની અટકાયત કરી આ ઉપરાંત કોંગ્રેસના અનેક સાંસદો વિજય ચોક પર ધરણા ધરીને બેઠા હતાં ત્યારે પોલીસે તેમની પણ અટકાયત કરી હતી રાહુલ ગાંધી કોંગ્રેસ સાંસદો સાથે સંસદ ભવનથી રાષ્ટ્રપતિ ભવન સુધી માર્ચ કાઢી રહ્યા હતા. પરંતુ પોલીસે તેમને વિજય ચોક ઉપર જ રોકી દીધા અને રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી સહિત અનેક કોંગ્રેસના નેતાઓની અટકાયત કરી છે.રાહુલ ગાંધી રાષ્ટ્રપતિ ભવન સુધી માર્ચ કાઢવા માટે મક્કમ હતાં પરંતુ સુરક્ષા જવાનોએ તેમને અટકાવી દીધા હતાં અને રોકયા હતાં પરંતુ તેઓ ઉભા જ રહી ગયા હતાં આથી તેમની અટકાયત કરવામાં આવી હતી પોલીસે આ માર્ચની મંજૂરી આપી નહતી. વિસ્તારમાં કલમ ૧૪ ૪લાગૂ કરી હતી દિલ્હીમાં કોંગ્રેસ દ્વારા કેન્દ્રની મોદી સરકાર વિરુદ્ધ પ્રદર્શન અને માર્ચ કરવામાં આવી હતી સંસદ ભવન અને રાષ્ટ્રપતિ ભવન વચ્ચે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સહિત કોંગ્રેસના નેતાઓએ કાળા કપડાં પહેરીને પ્રદર્શન કર્યું હતુ આ દરમિયાન દિલ્હી પોલીસે રાહુલ ગાંધી સહિત અનેક કોંગ્રેસ સાંસદોની અટકાયત કરી. કોંગ્રેસ ઓફિસથી માર્ચ કાઢી રહેલા પ્રિયંકા ગાંધીની પણ અટકાયત કરવામાં આવી છે. સંસદ ભવનથી પાર્ટી સંસદોની માર્ચ શરૂ થતા પહેલા કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી પણ તેમાં થોડીવાર માટે સામેલ થયા હતા. પાર્ટી સાંસદોએ કાળા કપડાં પહેર્યા હતા. પોલીસે કોંગ્રેસ નેતાઓને વિજય ચોક પર જ રોકી લીધા. કોંગ્રેસ સાંસદ રાષ્ટ્રપતિ ભવન પહોંચવા માંગતા હતા. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ અટકાયતમાં લેવાયા તે પહેલા મીડિયાકર્મીઓ સાથે વાતચીત કરતા દિલ્હી પોલીસ પર પાર્ટી કાર્યકરો સાથે મારપીટનો આરોપ લગાવ્યો. રાહુલ ગાંધીએ કહ્યું કે અમે અહીં મોંઘવારી અને બેરોજગારીના મુદ્દાઓ પર ઊભા છીએ. અમે આગળ વધવા માંગતા હતા પરંતુ પોલીસે અમને મંજૂરી આપી નહીં. સાંસદો સાથે ગેરવર્તણૂંક અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું કે તે ઠીક છે, અમારું કામ આ તાકાતોનો વિરોધ કરવાનો છે. અમારું કામ એ સુનિશ્ચિત કરવાનું છે કે ભારતીય લોકતંત્રની રક્ષા થાય. અમારું કામ મોંઘવારી, અને બેરોજગારી જેવા લોકો માટેના મુદ્દાઓ ઉઠાવવાનું છે અને અમે એ જ કરી રહ્યા છીએ. રાહુલ ગાંધીએ ટ્વીટ કરી કે આ તાનાશાહ સરકારને ડર લાગી રહ્યો છે. ભારતની હાલતથી, કમરતોડ મોંઘવારીથી, અને ઐતિહાસિક બેરોજગારીથી, પોતાની નીતિઓથી આવેલી બરબાદીથી. જે સચ્ચાઈથી ડરે છે, તે જ અવાજ ઉઠાવનારાને ધમકાવે છે. બીજી બાજુ કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે ટ્વીટ કરીને કહ્યું કે આજે એકવાર ફરીથી કોંગ્રેસ સાંસદોને મોંઘવારી, બેરોજગારી, અને જીએસટી વિરુદ્ધ પ્રદર્શન કરવાના લોકતાંત્રિક અધિકારથી વંચિત કરાયા. વિજય ચોક પર અમને પોલીસ વેનમાં ભરી દેવાયા. એક વસ્તુ સ્પષ્ટ છે કે જે ડરે છે તે ડરાવવાનો પ્રયત્ન કરે છે.રાહુલ ગાંધી, અધીર રંજન ચૌધરી, દિગ્વિજય સિંહ અને ગૌરવ ગોગોઈ સહિત તમામ સાંસદોની અટકાયત કરીને બસમાં બેસાડી દેવામાં આવ્યા હતાં.રાહુલ સાથે શશિ થરૂરને પણ કસ્ટડીમાં લેવામાં આવ્યા હતાં. આ ઉપરાંત દિલ્હી પોલીસે પ્રિયંકા ગાંધીની કોંગ્રેસ ઓફિસેથી અટકાયત કરી હતી પ્રિયંકા ગાંધી વાડ્રા કોંગ્રેસ હેડક્વાર્ટર પહોંચ્યા હતા અને વિરોધ પ્રદર્શનમાં સામેલ થયા હતાં પ્રિયંકા ગાંધીએ પોલીસ દ્વારા લગાવવામાં આવેલી રેલીગોને કુદીને આગળ જવાનો પ્રયાસ કર્યો હતો પોલીસે તેમને અટકાવ્યા હતાં પરંતુ તેઓ માન્યા ન હતાં અને રસ્તા પર જ ધરણા પર બેસી ગયા હતાં લગભગ અડધો કલાકના ધરણા બાદ મહિલા સુરક્ષા કર્મચારીઓને બોલાવી પ્રિયંકા ગાંધીને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતાં. વિરોધને ધ્યાનમાં રાખીને અકબર રોડ પર ભારે સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી. પોલીસે ત્રણ સ્તરોમાં સૈનિકોને તૈનાત કર્યા છ હતાં કોઈપણ કામદારને અંદર જવા દેવામાં આવ્યા ન હતાં દિલ્હી ઉપરાંત કોંગ્રેસના કાર્યકરોએ મુંબઈ, રાજસ્થાન સહિત દેશભરમાં મોંઘવારી વિરૂધ્ધ ધરણા કર્યા હતાં.

## મોંઘવારી વિરુદ્ધ કોંગ્રેસનું અનોખુ પ્રદર્શન, ગેસ સિલિન્ડર-તેલ વગર ભોજન બનાવ્યું



નવીદિલ્હી,તા.૫

મોંઘવારી અને જીએસટી વિરુદ્ધ કોંગ્રેસના નેતા આજે રસ્તાઓ પર ઉતર્યા હતાં કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી અને પાર્ટી મહાસચિવ પ્રિયંકા ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ નેતા સંસદથી રાષ્ટ્રપતિ ભવન સુધી માર્ચ અને પીએમ આવાસને ઘેરાવ કર્યો હતો જો કે તેમને હિરાસતમાં લેવામાં આવ્યા હતાં.કોંગ્રેસ પાર્ટીએ દેશવ્યાપી પ્રદર્શન કર્યા હતાં. દિલ્હીમાં પાર્ટીએ ઓફિસની અંદર પણ દેશભરમાંથી આવેલી મહિલાઓ અને પુરુષ કાર્યકરોએ સુત્રોચ્ચાર કર્યા હતાં અને મોંઘવારીને લઈને કોંગ્રેસના મહિલા કાર્યકરો અલગ રીતે પ્રદર્શન કર્યું હતુ

કોંગ્રેસ કાર્યકરોનું કહેવું છે કે મોંઘવારી એટલી છે કે તેમની પાસે તેલ નથી. તેમણે પાણીમાં ભોજન રાંધવું પડે છે. સિલિન્ડર ૧૦૦૦ પાર જતું રહ્યું છે. અમે તેનો ઉપયોગ પણ કરી શકતા નથી. આવામાં કાચાપાકા શાક બનાવી રહ્યા છીએ કારણ કે દેશની અંદર તેને પકવવાની કોઈ આશા નથી.

કોંગ્રેસ નેતા સિલિન્ડરની જગ્યાએ લાકડાનો ઉપયોગ કરીને ભોજન બનાવી રહ્યા છે. તેમણે કહ્યું કે સારા દિવસની રાહ જોઈને લોકો હવે થાકી ગયા છે. કોંગ્રેસ નેતાએ કહ્યું કે આ દેશની અંદર હાલાત સારા નથી. જે લોકોની નોકરીઓ ગઈ છે આજે તેઓ ચૂલો જલાવી શકતા નથી.

અત્રે જણાવવાનું કે દિલ્હી પોલીસે આજે કોંગ્રેસના આ પ્રદર્શનને મંજૂરી આપેલી ન ન હતી આમ છતાં કોંગ્રેસના કાર્યકરો અને કોંગ્રેસના સાંસદોએ પ્રદર્શન કર્યા હતાં આથી કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી અને કોંગ્રેસના મહામંત્રી પ્રિયંકા ગાંધી સહિતના નેતાઓને પોલીસે હિરાસતમાં લીધા હતાં.

## આતંકીઓએ પુલવામામાં બિહારના મજૂરો પર ગ્રેનેડ ફેંક્યું, એકનું મોત, બે ઈજાગ્રસ્ત

પુલવામા,તા.૫

જમ્મુ-કાશ્મીરના પુલવામામાં આતંકીઓએ બહારના મજૂરો પર હુમલો કર્યો છે. આતંકીઓએ પુલવામાના ગદૂરા વિસ્તારમાં મજૂરો પર ગ્રેનેડ ફેંક્યું છે. આ આતંકી ઘટનામાં એક મજૂરના મોત થઈ ગયા છે અને બે અન્ય ઈજાગ્રસ્ત થયા છે. જમ્મુ-કાશ્મીર પોલીસે આ જાણકારી આપી છે. પોલીસે વિસ્તારની ઘેરાબંધી કરી છે.

મૃતક મજૂરની ઓળખ બિહારના સકવા પરસા નિવાસી મોહમ્મદ મુમતાઝના રૂપમાં થઈ છે. જમ્મુ અને કાશ્મીર પોલીસે જણાવ્યું કે ઈજાગ્રસ્તની ઓળખ બિહારના રામપુર નિવાસી મોહમ્મદ આરિફ અને મોહમ્મદ મજબૂલના રૂપમાં થઈ છે, બંને સ્થિર છે. નોંધનીય છે કે જમ્મુ-કાશ્મીરમાં ત્રણ દિવસમાં આ ત્રીજો આતંકી હુમલો છે. પરંતુ આ પહેલાના હુમલામાં કોઈ નુકસાન થયું નહોતું.

આ પહેલા જમ્મુ-કાશ્મીરના અલોચીબાગ વિસ્તારમાં પણ આતંકીઓએ એક પોલીસ દળ પર હુમલો કર્યો હતો, પરંતુ જવાબી કાર્યવાહી થવા પર તે ભાગી ગયા હતા. પાછલા મંગળવારે જમ્મુ-કાશ્મીરના રામબન જિલ્લામાં એક પોલીસ ચોકી પર આતંકીઓએ ગ્રેનેડ ફેંક્યું હતું.

ગ્રેનેડ પોલીસ ચોકીની છત પર પડ્યું હતું અને તેમાં વિસ્ફોટ થયો. તેમાં કોઈ નુકસાન થયું નહીં. રામબન જિલ્લાના હુમલાને લઈને એડિશનલ પોલીસ કમિશનર મુકેશ સિંહે જણાવ્યુ હતું કે જમ્મુ-કાશ્મીર ગજવની ફોર્સે હુમલાની જવાબદારી લીધી છે. વિશેષ અભિયાન સમૂહ અને સેનાએ આ વિસ્તારની ઘેરાબંધી કરી સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. જિલ્લામાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે અને આ સંબંધમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે.

## તાનાશાહીનો વિરોધ કરનારાને જેલમાં મોકલવામાં આવી રહ્યા છે : રાહુલ ગાંધી

નવીદિલ્હી,તા.૫

નેશનલ હેરાલ્ડ કેસમાં કોંગ્રેસના નેતાઓ સામે ઈડીની કાર્યવાહી ચાલુ છે. આ દરમિયાન શુક્રવારે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને સાંસદ રાહુલ ગાંધીએ મીડિયા સાથે વાત કરતા મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યુ કે આપણે લોકશાહીના પતનના સાક્ષી છીએ. લગભગ એક સદી પહેલા ભારતે જે ઈંટો અને પથ્થરો બાંધ્યા છે તે તમારી નજર સામે નષ્ટ થઈ રહ્યા છે. કોઈપણ જે સરમુખત્યારશાહીની શરૂઆતના વિચારની વિરુદ્ધ ઉભો થાય છે તેના પર દુષ્ટ હુમલો કરવામાં આવે છે, કેદ કરવામાં આવે છે, ધરપકડ કરવામાં આવે છે અને મારવામાં આવે છે.

રાહુલ ગાંધીએ વધુમાં કહ્યુ કે સરકારનુ માનવુ છે કે સમાજમાં મોંઘવારી, બેરોજગારી, હિંસા જેવા લોકોના મુદ્દા ઉઠાવવા જોઈએ નહિ. સરકારનો એક માત્ર એજન્ડા ૪-૫ લોકોના હિતોના રક્ષણ માટે ચલાવવામાં આવી રહ્યો છે. આ તાનાશાહી ૨-૩ મોટા ઉદ્યોગપતિઓના હિતમાં બે લોકો દ્વારા ચલાવવામાં આવી રહી છે. તેમણે કહ્યુ કે શાસક પક્ષ કાયદાકીય માળખુ, ન્યાયિક માળખુ, ચૂંટણી માળખાના આધારે લડે છે. આ તમામ માળખા સરકારને સમર્થન આપી રહ્યા છે કારણ કે સરકારે તેના લોકોને આ સંસ્થાઓમાં મૂક્યા છે. ભારતમાં કોઈ સંસ્થા સ્વતંત્ર નથી, તે આરએસસએસના નિયંત્રણમાં છે.

કોંગ્રેસ નેતાએ કહ્યુ કે હું જેટલો લોકોનો અવાજ બુલંદ કરુ છુ, જેટલું સત્ય બોલુ છુ, તેટલા જ મારા પર હુમલો થાય છે. હું લોકશાહી માટે ઉભા રહેવાનુ મારુ કામ કરતો રહીશ. સમજો કે જે ધમકી આપે છે તે ડરે છે. મારુ કામ આરએસએસના વિચારનો વિરોધ કરવાનુ છે અને હું તે કરવા જઈ રહ્યો છુ. જેટલું હું આ કરીશ, મારા પર વધુ હુમલા થશે. હું ખુશ છુ, મારા પર હુમલો કરો. રાહુલ ગાંધીએ કહ્યુ કે હિટલર પણ ચૂંટણી જીતતો હતો. તેણે તે કેવી રીતે કર્યું? જર્મનીની તમામ સંસ્થાઓ પર તેનુ નિયંત્રણ હતુ. મને આખી સિસ્ટમ આપો પછી હું તમને બતાવીશ કે ચૂંટણી કેવી રીતે જીતાય છે

રાહુલ ગાંધીએ મોંઘવારી અને બેરોજગારીના મુદ્દે કેન્દ્રની મોદી સરકાર પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે જે ૭૦ વર્ષમાં કમાણી કરી હતી તે ૮ વર્ષમાં ખતમ થઈ ગયું. ભારતે લગભઘ એક સદી પહેલા જે ઈંટ-પથ્થરથી બનાવ્યું હતું તે તમારી આંખ સામે નષ્ટ થઈ રહ્યુ છે. રાહુલ ગાંધીએ કહ્યું કે દેશમાં તાનાશાહીનું રાજ છે.

## પશ્ચિમ બંગાળમાં આજે ચુંટણી થાય તો ભાજપની બેઠકો ઘટી જાય ,ટીએમસીને લાભ થાયઃ સર્વે



કોલકતા,તા.૫

ભારતમાં જો આજે લોકસભા ચુંટણી થાય છે તો ભાજપ સરળતાથી બહુમતિ હાંસલ કરે અને નરેન્દ્ર મોદી એકવાર ફરી દેશના વડાપ્રધાન બને.એક ટીવીના સર્વે અનુસાર આજે ચુંટણી થવાની દિશામાં એનડીએ લોકસભાની કુલ ૫૪૩માંથી ૩૬૨ બેઠકો પર જીત હાંસલ કરી શકે છે જયારે યુપીમાં ફકત ૯૭ બેઠકો પર સમિત રહી શકે છે.બાકીની બેઠકો અન્યના ખાતામાં જશે

પશ્ચિમ બંગાળની વાત કરીએ તો ભાજપે શાનદાર પ્રદર્શન કરતા ૨૦૧૯માં બંગાળમાં ૧૮ બેઠકો પર જીત હાંસલ કરી હતી પરંતુ શું આજે પણ આવું છે.તે બાબતે સર્વેમાં જણાવાયું છે કે જો આજની તારીખમાં દેશમાં લોકસભા ચુંટણી થાય તો પશ્ચિમ બંગાળમાં ભાજપની મતોની ટકાવારીમાં વધારો જોવા મળશે મોદીના નામ પર બંગાળના ૪૨ ટકા મતદારો મતદાન કરે જયારે ૨૦૧૯માં આ ૪૧ ટકા હતાં. જયારે ટીએમસીને ૪૩ ટકા મળે જયારે ૨૦૧૯માં આ ૪૪ ટકા હતાં કોંગ્રેસ પશ્ચિમ બંગાળમાં ૬ ટકા મત હાંસલ કરવામાં સરળ રહે અને ૨૦૧૯માં પણ તેને આટલા જ ટકા મત મળ્યા હતાં. આવામાં જોવામાં આવે તો મતોની ટકાવારીના મામલામાં કોઇ પાર્ટીને વધુ નફો નુકસાન જોવા મળી રહ્યું નથી.આજે ચુંટણી થવાની દિશામાં ભલે જ ભાજપને વધુ મળે પરંતુ તેની બેઠકોની સંખ્યા ઘટતી નજરે પડી રહી છે.સર્વે અનુસાર આજે ચુંટણી થવાની દિશામાં ભાજપ ૪૨માંથી ફકત ૧૪ બેઠકો પર જીત હાંસલ કરી શકશે જયારે ૨૦૧૯માં આ આંકડો ૧૮નો હતો જયારે ટીએમસી ૨૦૧૯ના ૨૨ના મુકાબલામાં આ વખતે ૨૬ બેઠકો પર જીત હાંસલ કરી શકે તેમ છે કોંગ્રેસના આંકડામાં કોઇ ફર્ક પડતો નજરે પડી રહ્યો નથી અને તે ૨૦૧૯ની જેમ જ આ વખતે ફરી બે બેઠકો પોતાના પાલામાં રાખવા સફળ રહી શકે છે.

આ સર્વે ૧૧ જુલાઇથી ૨૪ જુલાઇની વચ્ચે કરવામાં આવ્યું છે આ દરમિયાન સર્વેની ટીમ દેશની ૧૩૬ સંસદીય બેઠકો સુધી પહોંચી અને લોકોનો મત જાણ્યો હતો.આ સર્વેમાં કુલ મળી ૩૪ હજાર લોકોને સામેલ કરવામાં આવ્યા હતાં જેમાંથી ૨૦ હજાર પુરૂષ અને ૧૫ હજાર મહિલાઓ છે.આ સર્વેમાં માર્જિન ઓફ એરર માઇનસ પ્લસ ટૂ રાખવામાં આવ્યું છે એટલે કે પરિણામોમાં બે ટકા અહીંથી તહીંનું અંતર હોઇ શકે છે આ રીતે જોવામાં આવે તો આ સર્વેથી જનતાના મૂડને ખુબ હદ સુધી જાણી શકાયો છે અને આવનારા સમયમાં તેનની એક ઝલક જોવા મળી શકે છે.

## હવે કાંવડયાત્રાવાળા માર્ગ પર તાજિયા લઈને મુસ્લિમ સમુદાય નિકળશે નહીં



લખનૌ,તા.૫

શ્રાવણ મહીનો ચાલી રહ્યો છે અને દેશભરમાં ભોલેના ભકત પવિત્ર કાંવડયાત્રા દ્વારા પોતાની ભક્તિ બતાવી રહ્યાં છે સેંકડો કિલોમીટર પગપાળા કાંવડ લઈ ચાલનારા આ શિવ ભકતોની જેટલી બની શકે તેટલી પ્રશાસન મદદ કરી રહ્યું છે જો કે આમ છતાં પણ અનેક જગ્યાઓથી અહેવાલો આવે જ છે કે યાત્રા દરમિયાન કેટલોક વિવાદ થાય છે અથવા તો બે સમુદાયોના લોકો પરસ્પર લડી પડે છે. હવે તેનાથી બચવા માટે ઉત્તરપ્રદેશના શિકોહાબાદ પ્રશાસને નિર્ણય કર્યો છે કે જે મુખ્ય માર્ગથી કાંવડયાત્રા નિકળશે તે રસ્તા પર મુસ્લિમ સમુદાય પોતાના તાજિયા કાઢશે નહીં.ઉત્તરપ્રદેશના શિકોહાબાદમાં રવિવારનો દિવસ એવો થનાર છે જયારે તાજિયા અને કાંવડયાત્રા એકર સાથે એક દિવસ નિકળનાર છે બંન્ને સમુદાયો વચ્ચે આ દરમિયાન કોઇ ઘટના ન બને તેને લઇ પોલીસ પ્રશાસન પહેલા જ એલર્ટ છે પોલીસ પ્રશાસને આ બાબતે શિકોહાબાદના મુસ્લિમ સમુદાયથી વાત કરી અને તેમને વિનંતકી કરી કે રવિવારે તે મુખ્ય માર્ગ પર તાજિયા લઇને ન આવે જેથી કાંવડયાત્રા આરામથી પસાર થઇ શકે અને મુસ્લિમ સમુદાયે પણ મોટુ દિલ બતાવીને આ બાબતનો સ્વીકાર કરી લીધો.બે સમુદાયોની વચ્ચે પરસ્પર મતભેદ ન થાય તેને લઇ પોલીસ પ્રશાસને જે રીતે સમજદારી બતાવી તેની પ્રશંસા થવી જોઇએ.હકીકતમાં શિકોહાબાદ પોલીસને જયારે માહિતી મળી કે રવિવારે એક જ દિવસે એક જ માર્ગથી તાજિયા અને કાંવડયાત્રા બંન્ને નિકળનાર છે તો તે પરેશાન થઇ ગઇ પોલીસની પરેશાની પણ યોગ્ય હતી કારણ કે દેશણા ંહાલ સાંપ્રદાયિક વાતાવરણ ઠીક નથી ચાલી રહ્યું જો કે આમ છતાં પોલીસ પ્રશાસને બંન્ને સમુદાયોના લોકોને પોલીસ સ્ટેશનમાં એક સાથે બોલાવ્યા અને આ બાબતે ચર્ચા કરી આ સમસ્યાનું સમાધાન શોધ્યું હતું.મુસ્લિમ સમુદાયે જણાવ્યું હતું કે તેઓ તાજિયાને લઇ મુખ્ય માર્ગ પર જશે નહીં અને તેઓ તાજિયાને મસ્જિદો અને મોહલ્લામાં જ ફરવશે મુસ્લિમ સમુદાયે કહ્યું કે તે એટા શિકોહાબાદ માર્ગ પર જયાંથી કાંવડયાત્રા નિકળનાર છે ત્યાં તાજિયાને લઇ જશે નહીં જેથી કોઇ પણ પ્રકારની ટકરાવની સ્થિતી બચી શકાય.

## તંત્રી સ્થાનેથી...

# ચીન-અમેરિકા વચ્ચે વધતી તનાતની

ચીનની પરિણામ ભોગવવાની ધમકીને ધોઈ પીતાં અમેરિકી પ્રતિનિધિ સભાની સ્પીકર નેન્સી પેલોસીનું વિમાન અસમંજસની સ્થિતિને યથાવત રાખતાં મંગળવારે જેવું જ તાઈવાનના એરપોર્ટ પર લેન્ડ થયું, ચીનનો પારો પણ સાતમા આકાશે પહોંચી ગયો. પચીસ વર્ષમાં અમેરિકાના કોઈપણ ચૂંટાયેલા ઉચ્ચ અધિકારીની તાઈવાનમાં આ પહેલી યાત્રા હતી. ચીનનું માનવું છે કે અમેરિકા તાઈવાનમાં અલગતાવાદી એજન્ડા પર કામ કરી રહ્યું છે, જેને નેન્સી પેલોસીની યાત્રાથી બળ મળી શકે છે. જોકે તાઈવાનને ચીન પોતાની મુખ્ય ભૂમિનો હિસ્સો ગણાવી રહ્યું છે અને પેલોસી ત્યાં જવાની કથિત યોજનાથી તે ભડક્યું છે. પેલોસીની પ્રસ્તાવિત યાત્રા પર ચીની રાષ્ટ્રપતિ જિનપિંગે પોતાના સમકક્ષ બાઈડનને ગયા અઠવાડિયે ફોન પર વાતચીતમાં ચેતવણી આપતાં કહ્યું હતું કે જે લોકો આગ સાથે રમે છે તેઓ તેનાથી જ નષ્ટ થઈ જાય છે.

પડોશી દેશોમાં સામંજસ્ય સ્થાપિત કરવા માટે બહુ કડક કૂટનીતિનો પ્રયોગ કરવામાં આવે છે, પરંતુ ચીન જે પ્રકારે હથિયારોની એક મોટી ખેપ અને આર્થિક રૂપે સુદૃઢ થવાના અહંકારમાં દરેક પડોશી દેશને ધમકાવે છે, તે કમજોર કૂટનીતિની અનુભૂતિ કરાવે છે. ઈતિહાસ સાક્ષી છે કે તિબેટને દક્ષિણમાં નેપાળ સાથે પણ કેટલીય વાર યુદ્ધ કરવું પડ્યું અને નેપાળે તેને હરાવ્યું. નેપાળ અને તિબેટની સંધિ અનુસાર તિબેટ દ્વારા દર વર્ષે નેપાળને પાંચ હજાર નેપાળી રૂપિયા દંડ ભરવો પડ્યો. આ દંડથી બચવા માટે તેણે ચીનની સહાયતા માંગી. ચીનની સહાયતાથી તેણે નેપાળથી તો છૂટકારો મેળવી લીધો, પરંતુ ત્યારબાદ ૧૯૦૬માં ચીને તિબેટ પર કબ્જો કરી લીધો. ૧૪મા દલાઈ લામાએ ૧૯૪૦માં શાસન ભાર સંભાળ્યો. આ તરફ ચીનમાં ઓક્ટોબર ૧૯૪૯માં એક ગૃહયુદ્ધમાં ચ્યાંગ કાઈ-શેકના કુઓમિનતાંગ રાષ્ટ્રવાદીઓને હરાવ્યા બાદ માઓત્સે તુંગના નેતૃત્વમાં કમ્યુનિસ્ટોએ બેજિંગની સત્તા પર કબ્જો કરી લીધો.

૨૩ મે, ૧૯૫૧ના રોજ ચીને તિબેટ પર કબ્જો કરી લીધો હતો, જેનું ભારતના તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ પણ સમર્થન કર્યું, જેનાં પરિણામો આપણે આજ સુધી ભોગવી રહ્યા છીએ. હિમાલય પારનું ચીન હવે તિબેટ લઈ લીધા બાદ આપણા માથે આવીને બેસી ગયું છે. ભારત અને તિબેટમાં તેને કાળો દિવસ કહેવામાં આવે છે. વાસ્તવમાં આ જ દિવસે તિબેટે ચીનના દબાણમાં આવીને એક સમજૂતી પર હસ્તાક્ષર કર્યા હતા, જેના બાદ તિબેટ પર ચીનનો કબ્જો થઈ ગયો. ૧૯૫૧થી ભૂમિ સુધાર કાયદો અને દલાઈ લામાના અધિકારોમાં હસ્તક્ષેપ અને કપાત થવાને કારણે અસંતોષની આગ સળગવા લાગી, જે અનુક્રમે ૧૯૫૬ અને ૧૯૫૯ જોરશોરથી ભડકી ઊઠી. પરંતુ માઓત્સે તુંગના બળપ્રયોગ દ્વારા તેને દબાવી દેવામાં આવી. તિબેટ પર ચીનના ગેરકાયદે કબ્જાથી અહીં લોકોમાં ચીન વિરુદ્ધ ગુસ્સો વધવા લાગ્યો. ૧૯૫૯માં માં રાજધાની લ્હાસામાં થયેલા પહેલા હિંસક વિરોધ પ્રદર્શનોને ચીને સૈન્ય કાર્યવાહીથી ક્રૂરતાથી કચડી નાખ્યો, જેમાં હજારો તિબેટીઓના જીવ ગયા. અત્યાચારો, હત્યાઓ વગેરેથી કોઈ પ્રકારે બચીને દલાઈ લામા નેપાળ પહોંચી શક્યા. હાલમાં તેઓ ભારતમાં રહીને તિબેટને ચીનથી અલગ કરવાની કોશિશ કરી રહ્યા છે. શ્રીલંકાનું તાજું ઉદાહરણ આખું વિશ્વ જોઈ રહ્યું છે જે ચીનના દેવામાં ખુવાર થઈ ગયું. ભારતની હજારો કિલોમીટરની સીમા ચીન સાથે જોડાય છે. ભારતનો પ્રાચીન ઈતિહાસ રહ્યો છે કે તે કોઈના પર પહેલું આક્રમણ નથી કરતું. આ નીતિને ભારતની કમજોરી સમજીને જિનપિંગની સરકારે વારે-તહેવારે ભારત સાથે સીમા પર ઝગડો કરીને દબાણ કરવાનો અસફળ પ્રયાસ કરે છે.

# મોંઘવારી વધવાની સાથે સાથે હવે ભારતીય રિઝર્વ બેંક્રે રેપો રેટમાં ૦.૫૦ ટકાનો વધારો કર્યો

મુંબઈ,તા.૫

દેશમાં મોંઘવારી વધવાની સાથે સાથે હવે ભારતીય રિઝર્વ બેંક્રે રેપો રેટમાં ૦.૫૦ ટકાનો વધારો કર્યો છે. એને કારણે રેપો રેટ ૪.૯૦%થી વધીને ૫.૪૦ ટકા થઈ ગયો છે, એટલે કે હવે હોમલોનથી લઈને ઓટો અને પર્સનલ બધી લોન મોંઘી થઈ જશે. પરિણામે, ગ્રાહકોનો ઈએમઆઈ પણ વધી જશે. વ્યાજદરો પર નિર્ણય લેવા માટે ૩ ઓગસ્ટથી મોનિટરી પોલિસી કમિટીની મીટિંગ ચાલતી હતી. આરબીઆઈ ગવર્નરે શક્તિકાંત દાસે પ્રેસ-કોન્ફરન્સમાં આ વિશે જાહેરાત કરી છે.તેમણે જણાવ્યું હતું કે રેપો રેટમાં ૦.૫૦% વધારવાનો નિર્ણય,જ્યારે એફવાય ૨૩ રિયલ જીડીપી ગ્રોથ અંદાજ ૭.૨ ટકા પર યથાવત્ રહેશે કરન્ટ એકાઉન્ટ ડેફિસિટ ચિંતાનો વિષય નથી. ભારતીય અર્થવ્યવસ્થા પર મોંઘવારીની અસર. ગ્લોબલ સ્તર પર મોંઘવારી ચિંતાનો વિષય નથી.તેમણે કહ્યું કે એપ્રિલની સરખામણીએ મોંઘવારીમાં ઘટાડો થયો છે અને શહેરી માગમાં સુધારો જોવા મળ્યો છે. બેંક્રોમાં ક્રેડિટ ગ્રોથમાં વાર્ષિક ૧૪ટકાનો વધારો થયો છે.સારા ચોમાસાથી ગ્રામીણ માગ પણ વધવાની શક્યતા છે.

રેપો રેટ એ વ્યાજદર છે, જેના પર બેંક્રો આરબીઆઈ પાસેથી લોન લે છે. જ્યારે રિવર્સ રેપો રેટ એ દરને કહે છે, જેના પર બેંક્રો આરબીઆઈમાં પૈસા જમા કરે છે અને આરબીઆઈ તેમને વ્યાજ આપે છે. અત્યારે રિવર્સ રેપો રેટ ૩.૩૫% છે. જ્યારે આરબીઆઈ રેપો રેટ ઘટાડે છે ત્યારે બેંક્રો પણ ગ્રાહકો માટે વ્યાજદરમાં ઘટાડો કરે છે. એનાથી ઈએમઆઈ પણ ઘટી શકે છે. એ જ રીતે જ્યારે રેપો રેટ વધે છે ત્યારે વ્યાજદરમાં વધારાને કારણે ગ્રાહક માટે ધિરાણ મોંઘું થાય છે.

માની લો કે હરેશ નામની એક વ્યક્તિએ ૭.૫૫% રેટ પર ૨૦ વર્ષ માટે ૩૦ લાખ રૂપિયાની હોમલોન લીધી છે. તેની લોનનો હપતો ૨૪,૨૬૦ છે. ૨૦ વર્ષમાં આ વ્યાજદરથી તેને ૨૮,૨૨,૩૦૪ રૂપિયા વ્યાજ આપવું પડશે, એટલે કે તેને ૩૦ લાખના બદલે ૫૮,૨૨,૩૦૫ રૂપિયા ચૂકવવા પડશે.હરેશના લોન લેવાના એક મહિના પછી આરબીઆઈ રેપો રેટમાં ૦.૫૦%નો વધારો કરે છે તો બેંક્ર પણ લોનમાં ૦.૫૦%નો વધારો કરી શકે છે. હવે રોહિતનો એક મિત્ર એ જ બેંક્રમાં હાઉસિંગ લોન લેવા જાય છે તો તેને ૭.૫૫%ની જગ્યાએ ૮.૦૫% વ્યાજદર ચૂકવવો પડશે.હરેશનો મિત્ર પણ રૂ. ૩૦ લાખની લોન ૨૦ વર્ષ માટે લે છે તો તેનો ઈએમઆઈ ૨૫,૮૧૭ રૂપિયા આવશે, એટલે કે તેને ઈએમઆઈમાં ૯૨૭ રૂપિયા વધારે ચૂકવવા પડશે. આમ, રોહિતના મિત્રએ રૂ. ૩૦ લાખની લોન માટે ૨૦ વર્ષમાં રૂ. ૬૦,૪૪,૭૯૩ રૂપિયા ચૂકવવા પડશે. આ રોહિતની રકમથી ૨,૨૨,૪૮૯ રૂપિયા વધારે છે.

હોમલોનના વ્યાજદર ૨ પ્રકારની હોય છે. પહેલી ફ્લોટર અને બીજી ફ્લેક્સિબલ. ફ્લોટરમાં તમારા લોનનો વ્યાજદર પહેલેથી છેલ્લે સુધી એક જ સરખો રહે છે.

# લઘુકથા... કર્મોનો હિસાબ

જેની સાથે અમારૂં પૂર્વજન્મનું લેણદેણ હોય છે તે અમારે ત્યાં પૂત્ર,પૂત્રી,જમાઈ અને વહુ બનીને આવે છે.એક ફૌજી કે જેના માતા-પિતા કે કોઇ ભાઇ બહેન ન હતા.લગ્ન કરેલ ન હોવાથી પત્ની કે બાળકો નહોતા.જે કંઇ પગારની આવક થતી તેમાંથી જે બચત થતી તે રકમ ભેગી કરતા હતા. એકવાર એક શેઠ કે જે સૈન્યમાં માલ સપ્લાય કરતા હતા,તેમના સંપર્કમાં આવે છે અને મિત્રતા થાય છે.એકવાર શેઠ કહે છે કે તમારી પાસે જે પૈસા પડ્યા છે તે મને કારોબાર માટે આપો, હું તમોને બેંક્ર કરતાં વધુ વ્યાજ આપીશ. ફૌજીએ પોતાની તમામ બચતની રકમ શેઠને કારોબાર માટે આપે છે.થોડા જ દિવસોમાં શેઠનો કારોબાર ખુબ વધી ગયો અને ખુબ કમાણી થવા લાગી.એકવાર પાડોશી દેશે આક્રમણ કર્યું અને આ લડાઇમાં ફૌજીનું મોત થાય છે.

લડાઇમાં ફૌજી ઘોડી ઉપર સવાર થઇને ગયા હતા.ઘોડી એટલી ખરાબ હતી કે જેટલી જોરથી લગામ ખેંચવામાં આવે તેટલી તેજ ભાગતી હતી.ભાગતાં ભાગતાં આ ઘોડી દુશ્મનના દળમાં જઇને ઉભી રહી જાય છે અને દુશ્મનોએ એક જ વારમાં ફૌજી અને ઘોડીને મારી નાખે છે.શેઠને ખબર પડી કે ફૌજી મરી ગયો છે અને તેનો કોઇ વારસદાર ન હોવાથી હવે મારે લીધેલ પૈસા પાછા નહી આપવા પડે તે વાતથી બહુ ખુશ થાય છે.કેટલાક દિવસ બાદ શેઠના ઘરમાં બાળકનો જન્મ થાય છે.પૈસા પણ ઘણા થઇ ગયા,ધંધો સારો ચાલે છે અને જેની પાસેથી પૈસા લીધા હતા તે પણ મરી ગયો તેથી શેઠ ઘણા ખુશ થાય છે.બાળક ભણી ગણીને મોટો થાય છે,ધંધો સંભાળી શકે તેવો સમજદાર થતાં તેનું લગ્ન કરાવવામાં આવે છે.

કેટલાક દિવસો બાદ શેઠના પૂત્રને ગંભીર પ્રકારની અસાધ્ય બિમારી થાય છે.નિષ્ણાત ડૉકટરના દવાખાનામાં સારવાર માટે દાખલ કરવામાં આવે છે,અનેક ઉપચાર કરવા છતાં અને લાખો રૂપિયા ખર્ચ કરવા છતાં બિમારીમાં કોઇ ફાયદો થતો નથી અંતે ડૉકટરે કહી દીધું કે અનેક ઉપચાર કરવા છતાં બિમારીમાં કોઇ ફાયદો થતો નથી હવે તમારો પૂત્ર બે દિવસનો મહેમાન છે.

અંતિમ શ્વાસ લઇ રહેલ પૂત્રને લઇને શેઠ ઘેર જઇ રહ્યા હતા ત્યારે એક ભાઇ રસ્તામાં મળે છે અને પુછે છે કે શેઠજી..આપ આટલા બધા દુઃખી કેમ છો? શેઠ કહે છે કે આ મારો પૂત્ર અમારા વૃદ્ધાવસ્થાનો સહારો બિમાર છે અને લાખો રૂપિયા ખર્ચ કરવા છતાં હવે બચવાની કોઇ આશા નથી તેથી તેને ઘેર લઇને જઇ રહ્યો છું ત્યારે પેલા ભાઇ કહે છે કે મારી પડોશમાં રહેતા એક વૈદ્યની દવાથી ભલભલા અસાધ્ય રોગમાં સારૂ થયાના દાખલા છે.આપ તેમની પાસે જાઓ.શેઠ વૈદ્ય પાસેથી દવા લઇને આવે છે અને જેવી દવા ખવડાવે છે કે તુરંત જ શેઠ પૂત્ર મરી જાય છે.થોડું લેણદેણ બાકી હતું તે વૈદ્યની દવાના ખર્ચથી પુરૂ કરે છે.

શેઠ-શેઠાણી અને પૂત્ર ચોધાર આંસુએ રડે છે.સમગ્ર ગામમાં શોક ફેલાય છે ત્યારે ગામમાં એક મહાત્મા આવે છે અને પુછે છે કે બધા કેમ રડે છે? ત્યારે લોકો કહે છે છે શેઠના યુવાન પૂત્રનું મૃત્યુ થયું છે એટલે બધા રડે છે.મહાત્મા શેઠને કહે છે કે તમે કેમ રડો છો? શેઠ કહે છે કે મહારાજ જેનો યુવાન પૂત્રનું મૃત્યુ થાય તે રડે ના તો શું કરે?

ત્યારે મહાત્મા કહે છે કે તે દિવસે તો આપ ઘણા ખુશ હતા કે જ્યારે ફૌજીનું મૃત્યું થયું હતું અને વિચારતા હતા કે હવે ઉછીના પૈસા હવે પાછા નહી આપવા પડે અને તે દિવસે આખા ગામમાં મીઠાઇ વહેંચી હતી જ્યારે તમારા ઘેર બાળકનો જન્મ થયો હતો અને જ્યારે પૂત્રને પરણાવ્યો ત્યારે તમો ખુશીથી નાચતા હતા અને આજે રડી રહ્યા છો?

મહાત્મા કહે છે કે તે ફૌજી જ પોતાના પૈસા લેવા,હિસાબ પુરો માટે તમારો દિકરો બનીને આવ્યો હતો અને કર્મોનો હિસાબ,લેણદેણ પુરૂ થતાં તમને છોડીને ચાલ્યો ગયો છે, ત્યારે શેઠજી કહે છે કે તેનું મારી સાથે લેણદેણ હતું એટલે તેને પુરૂ કર્યું પરંતુ મારી યુવાન વહુ ઘરમાં છે તેને દગો કરીને વિધવા બનાવીને ચાલ્યો ગયો તેનો શું વાંક? ત્યારે મહાત્મા કહે છે કે તમારી વહું એ ગયા જન્મમાં ઘોડી હતી અને ફૌજી સાથે દગો કરી મરાવી નાખ્યો હતો તેનું ફળ તે ભોગવી રહી છે.

અમે જે વાવ્યું હોય છે એ જ અમોને મળે છે એટલે કોઇને દોષ ના આપશો,અમારા પોતાના દોષ જોજો.ઇન્દ્રિયોની તમામ ક્રિયાઓમાં તથા મનના સંકલ્પ-વિકલ્પોના વહેતા પ્રવાહમાં માત્ર દ્રષ્ટા બનીને સ્વભાવ અનુસાર કર્તવ્ય કર્મો કરવા એ અમારૂં કર્તવ્ય છે.આગમ,વેદ,શાસ્ત્ર,પુરાણો તથા તમામ સંત મહાપુરૂષોનું કહેવું છે કે..આ સંસાર કર્મોના લેખા-જોખા આધારીત છે તેમાં જીવ ચૈતન્ય આત્માને,પોતાના સ્વરૂપ અને સ્વભાવને જાણી લે છે તે સમજદાર છે અને તે જ ભવસાગર પાર ઉતરી શકશે.


જ્યાંસુધી આત્મજ્ઞાન ના થાય ત્યાંસુધી કર્મોનું ઋણાનુંબંધ ચુકવવું જ પડે છે એટલે નિષ્કામ કર્મ કરી ઇશ્વરને સંતુષ્ટ કરીએ. ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ સદગુરૂથી પ્રભુ પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરી આલોક અને પરલોક સુખી કરીએ.

ભવસાગરમાં ગોથાં ખાવા કરતાં સત્યબોધ પ્રાપ્ત કરી અલૌકિક આનંદ પ્રાપ્ત કરવો તથા જીવતાં રહીને પોતાનાં પ્રારબ્ધ કર્મોનો હિસાબ પુરો કરી નવેસરથી સદવિચારી,સમવ્યવહારી તથા કલ્યાણકારી જીવન વિતાવવું એ જ વાસ્તવમાં મનુષ્ય જીવનનું લક્ષ્ય છે પરંતુ આ ક્યારે શક્ય બને? સંસારમાં જન્મ લેતાં જ મનુષ્ય માયાવી ગોરખધંધામાં એવો ફસાઇ જાય છે કે આધ્યાત્મિક જ્ઞાનનો દિપક અવિવેકરૂપી ભયંકર અંધકારમાં પોતાનો પ્રકાશ ફેલાવી શકતો નથી.

જ્ઞાનરૂપી દિપકને ગુરૂની સહાયતાથી પ્રકાશિત કરી સર્વપ્રથમ મનુષ્યએ પોતાના જીવનલક્ષને પ્રાપ્ત કરવા,જન્મ-મરણના ચક્કરમાંથી મુક્ત થવા કોઇ સાચા સદગુરૂની શોધ કરવી જોઇએ.

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

## શિર્ષકઃ અહેસાસ. લેખિકા : ફાલ્ગુની ત્રિવેદી, ‘‘ફોરમ’’



‘‘અંકુશ બક્ષી’’ બસ નામ જ કાફી હતું. મોટા મોટા પોલિટિશિયન્સ નેતાઓની સંકટ સમયની બારી. સમસ્યા ગમે તેટલી મોટી હોય તેને ચપટી વગાડતાં જ ભગાડી દે એનું નામ ‘ અંકુશ બક્ષી‘.

આજે એ ચટ્ટાન જેવો માણસ જાણે સાવ મીણનો બની ગયો હતો , એમની લાડકવાયી દીકરી ‘‘દામિની’’ સત્તર વરસની કાચી ઉંમરે એક રીઢા ખેલાડી ‘રાહુલના’ પ્રેમમાં પડી ગઈ હતી. જ્યારે પરિવારના લોકોએ તેને પકડી લીધી ,મોબાઈલ લઈ લીધો અને સમજાવવા કોશિષ કરી ત્યારે એણે બળવો પોકારી દીધો. પોતાના રાહુલને જેટલી વાતો સાંભળવી પડી એટલી ઘેનની ગોળીઓ ગળીને આત્મહત્યાનો પ્રયાસ કરી બેઠી. મિ. બક્ષી સારી રીતે જાણતા હતાં કે તેના વિરોધીઓનું જ કારસ્તાન છે પણ આ વાત દામિનીને કોણ સમજાવે ? મુંઝાઈને પોતાની વયોવૃધ્ધ માતાના ખોળે માથું મૂકીને બેઠાં હતાં . અચાનક બા માર્મિક રીતે હસી પડ્યા. મિ . બક્ષીને કઈ સમજાયું નહીં કે આવી કપરી પરિસ્થિતિમાં બા કેમ હસી રહી છે. બા ફરી એકવાર હસીને બોલી ; × બેટા તને યાદ છે ? જ્યારે દામિની નાની હતી ત્યારે એણે આંગણામાં આવેલા આંબાના ઝાડ પર ચઢવાની જીદ પકડી હતી. સૌ એ ના કહી...ન ચઢાય ..બહુ સમજાવી છતાં દામિની કોઈની વાત જ માનતી નહોતી ,પણ તું તો એનોયે બાપ હતો ..એક હાથમાં દામિનીને પકડીને સડસડાટ આંબાની ટોચે પહોંચી ગયો . અને ત્યાંથી જ્યારે દામિનીએ નીચે જોયું ત્યારે એને બરાબર સમજ પડી ગઈ કે અહીં ન ચઢાય , પડી જવાય તો વાગી જાય. હવે તને સમજાયું તારે શું કરવાનું છે × ? બસ મિ .બક્ષી હળવાફુલ બનીને બાના ખોળે ઊંઘી ગયાં. સવારે સહુથી પહેલાં એમણે દામિનીને વહાલથી જગાડીને કહ્યું ; × આ લે તારો મોબાઈલ બેટા પણ પ્રોમિસ મી આવું ફરીથી નહીં કરે ×. દામિની પોતાની ભુલથી શર્મિન્દા તો હતી જ. એમણે વ્હાલથી, લાડ કરી વાત આગળ વધારી. દિકું તને ખબર છે ? આપણે ત્યાં લગ્નની ઉંમર શું છે? અત્યારે તો તું ફક્ત ૧૭ વર્ષની છે . બરાબર ?

દામિની હકારમાં માથું નમાવી રહી હતી. જ્યારે તમે બંને પુખ્તવયના બનો ત્યારે લગ્નની વાત જરૂર કરીશું . રાઈટ બેટા ? ત્યાં સુધી મારા ભાવિ જમાઈરાજ ને મળે તો પુછી ને જ મળવાનું. તમને કોઈ પણ વાતની ના નથી. મને મારી દીકરી પર પૂરો વિશ્વાસ છે

( થોડાં મહિનાઓ પછી)........

રાહુલે પોતાની મોટી મોટી વાતો અને ખોટી ડીગ્રીઓની માયાજાળમાં દામિનીને ફસાવી હતી. મિ બક્ષી એની ટેકનિકનો જ ઉપયોગ કરી રહ્યાં હતાં. એમણે દામિનીને બરાબર સમજાવ્યું કે રાહુલ જેવાં ટેલેન્ટેડ અને ભણેલાં પતિ સાથે કદમથી કદમ મિલાવવા માટે પત્નિ એ પણ સારું એજ્યુકેશન મેળવવું જરૂરી છે .

મિ. બક્ષીએ દામિનીને વધું સમય આપવાનું શરૂ કર્યું . એની સાથે નવી પેઢીને ગમે એવી વાતો કરતાં, પરિવારને લઈ ફરવા જતાં . દામિનીને એમનાં સુશિક્ષિત મિત્રોના બાળકો સાથે સંપર્કમાં રાખતાં .સમયની સાથે દામિની પણ પુખ્ત બની રહી હતી. ધીમે ધીમે તેને એ વાત સમજાઈ રહી હતી કે પ્રેમ નો મતલબ ફિલ્મ જેવી *Love Story* એટલો જ નથી હોતો. જીવનમાં કંઈક બનવું પણ એટલું જ જરૂરી છે. જ્યારે તેનાં બધાં મિત્રો પોતાના ધ્યેયની વાતો કરતાં, કારકિર્દીમાં નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરવાની વાત કરતાં ત્યારે રાહુલની એકની એક રોમેન્ટિક ફિલ્મી વાતો એને કંટાળાજનક લાગતી.

આખરે જ્યારે એમનાં રિઝલ્ટ આવ્યાં ત્યારે મિ. બક્ષી એ પોતાની અંતિમદાવ ખેલ્યો. દેશની ટોપ કોલેજમાં એડમિશન લેવા માટે એમણે દામિનીની સાથે રાહુલના પણ રિઝલ્ટ મંગાવ્યા. આ વાતથી દામિની ખૂબ ખુશ થઈ ગઈ. એને પોતાનાં પપ્પા પર સંપૂર્ણ વિશ્વાસ થઈ ગયો ,કે પપ્પા મને સમજે છે અને રાહુલનું પણ સરસ ભવિષ્ય બનાવવા માંગે છે. પણ રાહુલ જેવો છેલબટાઉ છોકરો શું રીઝલ્ટ આપે? એણે દામિનીને ટાળવા માટે બહુ કોશિશ કરી પણ આ તો મિ .બક્ષીની દીકરી.. એમ થોડી માની જાય. એની જીદની સામે રાહુલની એક ન ચાલી. અંતે રાહુલે પોતાની મોટી મોટી ડિંગો સાચી સાબિત કરવા માટે તરકટ લગાડી ખોટી માર્કશીટ બનાવીને આપી , બસ ‘અંકુશ બક્ષીને’ આટલું જ જોઈતું હતું.

રાહુલના સાચા રિઝલ્ટ , ફ્રોડ ફેમિલી બેકગ્રાઉન્ડ વિશે અને બાકીની બધી માહિતી એમને ક્યારની એકઠી કરીને જ રાખી હતી. સીધી દામિનીને બતાવી દીધી. પ્રેમમાં મુગ્ધ દામિની પર વજ્રઘાત થયો પણ એણે પપ્પાના સહારે પોતાની જાતને સાંભળી લીધી.

આશિક આવારા રાહુલને સીધો કરવા દામિનીની અંદર રહેલી ક્રોધની અગન જ કાફી હતી.. સહુથી સારી વાત એ હતી કે તે પોતાના પિતાના પ્રયાસોનો અહેસાસ તેને બરાબર હતો. હવે તો બસ દોડીને એમનાં હૃદયે લાગવાનું બાકી હતું....

(અસ્તું)

લેખિકા : ફાલ્ગુની ત્રિવેદી, ‘‘ફોરમ’’

## ચીને તાઈવાનને ૬ દિશાઓથી ઘેર્યુ,

# થલ-જલ અને વાયુમાંથી બોમ્બનો વરસાદ, બંન્ને દેશો વચ્ચે જંગ શરૂ થઇ ગઇ છે?

બીજીંગ,તા.૫

ચીનની કમ્યુનિસ્ટ પાર્ટીના સાયરન અખબાર ગ્લોબલ ટાઈમ્સે દાવો કર્યો છે કે ચીનની સેના, પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ) એ ગુરુવારે ખૂબ જ મોટા પાયે સૈન્ય અભ્યાસનો બીજો તબક્કો શરૂ કર્યો અને તાઈવાન ટાપુને સંપૂર્ણ રીતે લોકડાઉન કરી દેવામાં આવ્યો છે. ગ્લોબલ ટાઈમ્સે એક નવી ધમકીમાં કહ્યું છે કે, મંગળવારથી દાવપેચનો નવો તબક્કો શરૂ થશે અને તે પહેલા સતત લાઈવ ફાયરિંગ કરવામાં આવી રહ્યું છે.

ગ્લોબલ ટાઈમ્સે ફરી એકવાર કહ્યું છે કે યુએસ હાઉસ સ્પીકર નેન્સી પેલોસીએ ચીનની સાર્વભૌમત્વનું ગંભીર ઉલ્લંઘન કરીને તાઈવાનની મુલાકાત લીધી હતી. ચીની મીડિયાએ દાવો કર્યો છે કે આ સૈન્ય અભ્યાસ બિલકુલ વાસ્તવિક યુદ્ધ જેવો છે અને તાઈવાનને સંપૂર્ણ રીતે દબાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

ગ્લોબલ ટાઈમ્સે દાવો કર્યો છે કે ચીની સેનાએ ગુરુવારથી રવિવાર બપોર સુધી તાઈવાન ટાપુને ૬ દિશાઓ, ઉત્તર, ઉત્તર પૂર્વ, પૂર્વ, દક્ષિણ, દક્ષિણ-પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ અને આ બધી બાજુઓથી ઘેરી લીધું છે. એક અભૂતપૂર્વ લશ્કરી કવાયત હાથ ધરવામાં આવશે, જેમાં લાંબા અંતરની રોકેટ આર્ટિલરી, એન્ટી શિપ બેલેસ્ટિક મિસાઈલ સહિતના અદ્યતન હથિયારોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ સાથે ચીન તાઈવાનને ઘેરી લેવા માટે તેના સ્ટીલ્થ ફાઈટર જેટ અને પરમાણુ સંચાલિત સબમરીન તેમજ એરક્રાફ્ટ કેરિયરનો ઉપયોગ કરી રહ્યું છે અને તે તમામ સૈન્ય અભ્યાસમાં સામેલ છે. ગ્લોબલ ટાઈમ્સે ધમકી આપી છે કે આ દાવપેચ વાસ્તવિક યુદ્ધની જેમ જ હાથ ધરવામાં આવી રહી છે અને ગ્લોબલ ટાઈમ્સે કહ્યું છે કે ँન્છ૭નું બળ પ્રદર્શન માત્ર તાઈવાનની ક્ષમતાને પકડવા માટે જ નથી, પરંતુ કોઈપણ બહારની દખલગીરીને રોકવા માટે પણ છે.

ગ્લોબલ ટાઈમ્સ દ્વારા તેના સૈન્ય કવાયત વિશે પ્રકાશિત અહેવાલ અનુસાર, આ સૈન્ય અભ્યાસ ગુરુવારે બપોરે ૧૨ વાગ્યે શરૂ કરવામાં આવ્યો હતો અને ँન્છ ઈસ્ટર્ન થિયેટર કમાન્ડે એક પ્રેસ રિલીઝમાં જાહેરાત કરી છે કે, સેના લગભગ ૧:૧ વાગ્યે તાઈવાન સ્ટ્રેટમાં પ્રવેશી છે.˘

દ્વ. સામુદ્રધુનીના પૂર્વ ભાગમાં ચોક્કસ લક્ષ્યોને ચોક્કસ લક્ષ્યાંક સાથે ૦૦ કલાકે લાંબા અંતરની આર્ટિલરી લાઈવ-ફાયર શૂટિંગ કવાયત હાથ ધરી અને અપેક્ષિત પરિણામ પ્રાપ્ત થયું. આ સાથે જ ચીનના સોશિયલ મીડિયા પર આ સૈન્ય અભ્યાસ સાથે જોડાયેલા ઘણા વીડિયો વાયરલ થઈ રહ્યા છે અને ગ્લોબલ ટાઈમ્સે લખ્યું છે કે તાઈવાન ટાપુથી માત્ર ૧૨૫ કિમી દૂર પૂર્વ ચીનના ફુજિયાન પ્રાંતના પિંગટનથી લાંબા અંતરના રોકેટ છોડવામાં આવ્યા છે. તે જ સમયે, ચાઈના સેન્ટ્રલ ટેલિવિઝન ના એક સત્તાવાર વિડિયો અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ँન્છ તેની નવીનતમ લાંબા-રેન્જ મલ્ટિ-રોકેટ સિસ્ટમનો પણ ઉપયોગ કરી રહ્યું છે,

ગ્લોબલ ટાઈમ્સે યુ.એસ.ને સંકેતોમાં ચેતવણી આપી છે કે, આ દાવપેચમાં વિદેશી વાહનોને તોડી પાડવાનો પણ પેંતરો કરવામાં આવ્યો છે, જેને આશંકા છે કે તેઓ ફિલિપાઈન સમુદ્રમાંથી હસ્તક્ષેપ કરવા આવી શકે છે. ગ્લોબલ ટાઈમ્સે તેના વિશ્લેષકોને ટાંકીને કહ્યું છે કે, આ મિસાઈલો વધુ શક્તિશાળી છે અને તે તાઈવાનની અંદરના લક્ષ્યોને પણ નિશાન બનાવવામાં સક્ષમ છે.

ગ્લોબલ ટાઈમ્સ સાથે વાત કરતા, પીએલએની એકેડેમી ઑફ નેવલ રિસર્ચના વરિષ્ઠ રિસર્ચ ફેલો ઝાંગ જુન્ચે દાવો કર્યો હતો કે સૈન્ય કવાયતમાં ँપીએલએનું પ્રથમ એરક્રાફ્ટ કેરિયર ગ્રુપ ડિટરન્ટ ફોર્સ પણ સામેલ હતું, જેણે મેરીટાઈમ મલ્ટિ-ફંક્શનલ વોરફેર સિસ્ટમની સ્થાપના કરી છે. તેમણે ઉમેર્યું હતું કે, ×સામાન્ય રીતે, પરમાણુ સંચાલિત સબમરીન તેના મિશનમાં એરક્રાફ્ટ કેરિયર જૂથની સાથે હશે.× નિષ્ણાતે ગ્લોબલ ટાઈમ્સને પુષ્ટિ આપી કે, ઓછામાં ઓછી એક પરમાણુ સંચાલિત સબમરીન તૈનાત કરવામાં આવી છે.

ચીનના રાષ્ટ્રીય સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા વરિષ્ઠ કર્નલ તાન કેફેએ ગુરુવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે નેન્સી પેલોસીની મંગળવારે તાઈવાનની મુલાકાત ટાપુ પર ×તાઈવાનની સ્વતંત્રતા× દળોને સમર્થન નહીં આપવાના અમેરિકાના વચનની વિરુદ્ધ છે અને ँન્છ તેનું સમર્થન કરતું નથી. તે ગંભીરતાથી.

ટેને જણાવ્યું હતું કે તાઇવાન ટાપુની આસપાસ ँન્છ ઈસ્ટર્ન થિયેટર કમાન્ડની સંયુક્ત કવાયત, જેમાં લાઈવ-ફાયર ગાઈડેડ પ્રિસિઝન હથિયારોનો સમાવેશ થાય છે, તેનો હેતુ યુએસ અને ટાપુ વચ્ચેની મિલીભગતને રોકવાનો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, કોઈપણ પ્રકારની મિલીભગત માત્ર તાઈવાનના ટાપુને વિનાશના પાતાળમાં ધકેલશે નહીં, પરંતુ ટાપુ પરના દેશબંધુઓને પણ ગંભીર નુકસાન પહોંચાડશે.

# એસસી એસટી જોગવાઈમાં દોષ સાબીત થાય પછી વળતર આપવામાં આવેઃ હાઈકોર્ટ

લખનૌ તા.૫

હાઈકોર્ટની લખનૌ ખંડપીઠે એક મહત્વનો આદેશ પસાર કરીને જણાવ્યું છે કે, અનુસૂચિત જાતિ-જનજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ અંતર્ગત નોંધાયેલ કેસમાં પીડિતને આરોપીનો દોષ સાબીત થયા બાદ જ વળતર આપવામાં આવે.

કોર્ટે જણાવ્યું હતું કે, અમે રોજ એવું ચલણ જોઈ રહ્યા છીએ કે એસસી એસટી એકટ અંતર્ગત નોંધાયેલા કેસમાં વળતર મળ્યા બાદ પીડિત આરોપી સાથે સમાધાન કરી લે છે.

ન્યાયમૂર્તિ દિનેશસિંહની સિંગલ બેન્ચે આ આદેશ ઈસરાર ઉર્ફે ઈસરાર અહમદ અને અન્ય તરફથી દાખલ અરજી પર સુનાવણી દરમિયાન પસાર કર્યો હતો. અરજદારોએ તેમની વિરુદ્ધ એસસી, એસટી એકટ અંતર્ગત રાયબરેલીની વિશેષ અદાલતે દાખલ ચાર્જશીટ અને પુરા કેસને ફગાવી દેવાની માંગ કરી હતી. અરજદારોનું કહેવું હતું કે આ મામલે તેમનું ફરિયાદી સાથે સમાધાન થઈ ગયું છે.

# બંગાળ શિક્ષક ભરતી કૌભાંડઃ ૫ હજારને નોકરીની રાહ, ૫૧૦ દિવસથી ધરણાં ચાલુ

કોલકાતા,તા.૫

પશ્ચિમ બંગાળના હજારો યુવકોએ સરકારી નોકરીનું સપનું જોઈને એસએસસી (સ્કૂલ સર્વિસ કમિશન)ની પરીક્ષા આપી હતી. લાગતું હતું કે જિંદગી સુધરી જશે પણ કૌભાંડના જિને તેમની એવી હાલત કરી મૂકી છે કે ઉમેદવારો ૫૧૦ દિવસથી નોકરી માટે ધરણાં પર બેઠા છે. રાજ્ય સરકાર તેમને આશ્વાસન તો આપી રહી છે પણ યુવાનો નિમણૂકપત્રની માગ કરી



રહ્યા છે.

તેઓ કોલકાતામાં ગાંધીજીના પૂતળા આગળ ધરણાં પર બેઠા છે. તાજેતરમાં પૂર્વ શિક્ષણમંત્રી પાર્થ ચેટરજીની ધરપકડ બાદ મમતા બેનરજીના ભત્રીજા અભિષેક બેનરજીએ પણ આ યુવાનોની મુલાકાત લીધી હતી.એસએસસીની પરીક્ષા ૨૦૧૬માં લેવાઈ હતી. ૨૦૧૭માં પરિણામ આવ્યું તેમાં સિલીગુડીની બબીતા સરકારને ૭૭ માર્ક મળ્યા. આ દરમિયાન મેરિટ લિસ્ટ રદ કરી દેવાયું. નવા મેરિટમાં બબીતાનું નામ વેઈટિંગ લિસ્ટમાં જતું રહ્યું જ્યારે રાજ્યના મંત્રી પરેશ અધિકારીની પુત્રી અંકિતાના માર્ક બબીતાથી ઓછા હોવા છતાં તેનુ નામ મેરિટમાં પહેલા નંબરે આવી ગયું.

આ મેરિટને બબીતાના પતિએ હાઈકોર્ટમાં પડકારતાં કૌભાંડના પડ ખૂલવા લાગ્યા. કોર્ટમાં સત્ય સામે આવ્યું અને અંકિતાની નોકરી ફેક નીકળી. કોર્ટે અંકિતાને નોકરીમાંથી હટાવવાની સાથોસાથ તેણે નોકરી દરમિયાન મેળવેલા પગારની કુલ રકમ પરત કરવાનો પણ આદેશ કર્યો.

# એકના ડબલ કરવાના ટોટકા!!!

દરેકના દિલમાં એકના ડબલ કરવાની ઈચ્છા, આકાંક્ષા, મનીષા, મનોરથ, મહેચ્છા સુષુપ્ત જવાલામુખીની માફક ભડભડ ચિનગારીની જેમ લપકારા લેતી હોય છે! ભાઇ કેમ ન હોય? પૈસાદાર થવાની છચ્છા તાતા, બિરલા,અદાણી, અંબાણીની પૈતૃક સંપતિ થોડી છે. પૈસાદાર થવાની ખેવના ગિરધરભાઇ ગરબડીયા, બખડજંતર ચેનલમાં માલિક બાબુબાલ, રાજુ રદી કે ચંદુ ચૌદસમાં સમાન રીતે એક સમાન હોય છે!!

તમે નવાણુના ધક્કાની વાત નહીં સાંભળી હોય??

એક ગામમાં એક અલગારી પ્રકારનો મસ્ત મૌલા જેવો સૂફીયાના અદાજવાળો આદમી રહેતો હતો. ભગવાન પર સંપૂર્ણ શ્રધ્ધા હતી. ખપ પૂરતા ખાવાનો વેંત થઇ જતો હતો. બહુ હાયવોય હતી નહીં.રાતના સમયે બાંકડા પર ઈંચનું ઓશિકું કરી દેહ લંબાવી દેતો. એક જ પડખે સવાર થઇ જતી. સ્લિપિંગ પિલ્સની કોઇ જરૂરત નહીં. એ રોડની સામે બાજુ એક શેઠ રહેતા. શેઠ અતિધનાઢય હતા. રાતદિવસ પૈસાની ચોરી, ખંડણીના ફોન, ઇક્રમટેકસ-ઇડીની રેડ પડવાની ચિંતા હતી.શેઠે ચોકીદાર પણ રાખેલો. ઊંઘવાની ગોળી લે. પણ ઊંઘ આવે નહીં. પેલો માણસ ઘસઘસાટ ઊંઘે.શેઠને ઈર્ષા, અસૂયા થાય. શું કરૂં કે પેલાની ઊંઘ મારી જેમ હરામ થાય? એક તરકીબ સૂઝી. પેલા માણસના ઇંટના ઓશીકા નીચે નવાણુ રૂપિયા મુકી આવ્યા. પેલો માણસ ઊઠ્યો. પેલાં નવાણું રૂપિયા જોયા. એને થયું કે ગમે તે રીતે એક રૂપિયો બચાવું તો સો રૂપિયા થાય. પછી બલો, પાંચસો, હજાર બે હજાર, દસ હજાર, લાખ લોભ અટક્યો નહીં. નવાણુના ધક્કો લાગે તેના સુખચેન છીનવાઇ જાય એમાં બે મત નથી!

પહેલાના જમાનામાં સરકાર એકના ડબલ કરી આપતી હતી.અલબત, ઓફિશિયલી. ઇંદિરા બચતપત્ર અને કિસાનપત્રમાં પાંચ વરસે રોકેલ રકમના ડબલ થતા હતા.અમે માહિતી અધિકારી તરીકે ગઢડાસ્વામીમાં કાર્યરત હતા. ત્યારે સામુહિક આરોગ્ય કેન્દ્રના વર્ગ ૪ ના કર્મચારીઓને મહિનાની આખરની તારીખમાં સો બસો રૂપિયા ઉછીના લેવાની જરૂર પડે .ઘરઘરાઉ શરાફો પહેલી તારીખે ૧૦૦ રૂપિયાના બસો આપવાની શરતે પૈસા ઉધાર આપતા. ગાંધીનગરની શાકમાર્કેટમાં ધંધો કરતા વેપારી સવારે ૧૦૦ રૂપિયા ઉધાર લે તો બીજા દિવસે ૧૨૫ રૂપિયા પરત આપવા પડે!!કેરળની એક બેંક એક વરસમાં ડબલ કરવાની લાલચ આપતી હતી!!

આપણે સૌ ઘડિયાળને કાંટે અને નવાણુના ધકકે ચડેલા માણસો છીએ. રૂપિયા ખર્ચીને ખુશીઓ ખરીદવી છે. રૂપિયા- પૈસાથી વસ્તુ ખરીદી શકાય પણ ખુશી પામવા માટે બહુ પાપડ વણવા પડે છે, મેરે દોસ્ત!!

તમે કોઇને બુચ( નાગર જાતિવાળું બુચ નહીં હોં કે!) મારવા માંગતા હો તો એક દુકાન ભાડે લો. સાઇકલ, એસી, પલંગ, ઓવન, વોશિંગ મશીન, જયુસર, થર્મોસ ટીપોઈ , ટીવી તદન મફત કે પાણીના મૂલે વેચવાનું શરૂ કરો. કોઇ પાર્ટીના પેજ પ્રમુખના હાથે ઉદઘાટન કરાવો. પાલીસ, પાલિકા હેરાન કરે તે માટે નજરાણા ચાર્જિસ નક્કી કરો. જરૂર પડયે જંત્રી કિંમત કે એસઓઓરનો ઉપયોગ કરો.પાંચ દિવસ પચાસ રૂપિયે સાઇકલ, સો રૂપિયે ટીવી, દોઢસો વોશિંગમશીન વેચો. પેપર, ટીવી, સોશિયલ મિડિયામાં ભરપૂર રેઇડ પબ્લિસિટી કરાવો.તમારી દુકાને મફતના ભાવે વસ્ત લેવા કિડીયારાની જેમ પબ્લિક ઊભરાશે. દસ હાર રૂપાળી છોકરી લો લેવલના ટીશર્ટ -સ્કર્ટ પહેરાવી બેસાડી દો. બુકિંગ કરવા માંડો. રસીદ રસીદ કરો.માલની શાર્ટેજ હોવાથી વસ્તુ આપવાની તારીખ એક મહિના પછીની આપો. ઇક્વાયરી કરવા મોબાઇલ નંબરો આપો. તમે રિઝર્વ બેંકની જેમ નોટો છાપો. આઇ મિન ભેગી કરો. બે ચાર કરોડ ભેગા થાય એટલે શટર પાડી દો. દસ બાર લાખના મૂડી રોકાણનાં કેટલો નફો થયો કે નહીં? એકના અનેક ગણા થયા? દુનિયા ઝૂકતી હૈં ઝૂકાનેવાલા ચાહિયે !!

કર્ણોપકર્ણ વાત ચલાવો કે તમે જુનું મકાન તોડીને નવું બનાવો છો. પાયા ખોદતા સોનાચાંદીનો ચરૂ મળ્યો છે. તમારે સરકારની લપનછપનમાં પડયા સિવાય પડતર ભાવે( લો, આ નવું સોનાચાંદી ખરીદ કર્યું હોય તો તે કિંમત પડતર ગણાય. મફતમાં મળેલની પડતર હોય ખરી?) કાઢી નાંખવાના છે!! પછી બે ચાર બકરાને સેમ્પલ ટેસ્ટમાં થોડુંક રીયલ સોનું આપી વિશ્વાસ કેળવવો. પછી બકરાને અહિંસક રીતે વધેરી નાંખો . સોના જેવી ભળતી ધાતુની પાટ, ઇંટ કે બિસ્કિટ પકડાવી દો. તેની દશા ચોરની મા કોઠીમાં મેં નાંખી રડે તેવી થશે!!

આ સિવાય પણ તાંત્રિક બની રૂપિયાનો વરસાદ કરવાનો કિમીયો છે જ. સામેની પાર્ટીનો વિશ્વાસ જીતવા બસેપાંચસોની નોટોનો વરસાદ પાડવો.તગડી રકમ લઇ છૂમંતર થઇ જાવ. દુનિયા કેટલી વિશાળ છે!!

હવે બજારમાં નવી રીત પણ ચર્ચામાં છે. આ માટે એક ડોલ લેવી. અરે પ્લાસ્ટિક, લોખંડ ગમેતેવી ડોલ ચાલશે. ચંબુ કે કમંડળુ પણ ચાલશે!! એમાં પાણી ભરો. ના ભઇ ના. ગંગાજમુના કે આંબે ઝમઝમની જરૂર નથી. પાણીમાં વોશિંગ પાવડર ધબેડો. ધડી, સર્ફ, એરિયલ નિરમા કોઇપણ પાવડર ચાલશે. હવે તેને હલાવી ફીણ કરો.ખાંડ , મીઠું ઉમેરો. રૂપિયા ૭૦૦ ની નોટ પાણીમાં નાંખો. જાદુઈ ઇલમથી ૭૦૦ રૂપિયાના ૧૭૦૦ રૂપિયા થયા. સામેનો બકરો સંમોહિત થશે. તેને વગર મહેનતે માલદાર થવાની લાલચ જાગશે. એકના ડબલ કરવાની યોજનામાં સામાવાળાની ગરજ કે અતિલોભવૃતિ પાયમાલીનું કારણ બંને છે!! ૨૦ લાખનું દેવું એકના ડબલ કરી ચૂકવવાની લાયમાં એક અમદાવાદીએ અગિયાર લાખ ગુમાવ્યા. કોઇ અનિવર્ચનીય નામનો તાંત્રિક અગિયાર લાખ રૂપિયા લઇ કાગળના ટુકડા પાણીની ડોલમાં બોળી તેને થેલામાં પેક કરી અગિયાર દિવસ પછી વિધિ કરીને ખોલવાનો જાસો દઇ રફૂચકકર થઇ ગયો!

એકના ડબલ કરવાનો કોઇ શોર્ટકટ નથી મહેનત કરવા સિવાય કયાંથી દોરાધાગા, દાણા જોવાથી ,તાંત્રિકો ,જાદુ ટોણા, ટોટકા વગેરેથી રૂપિયા ખોવા સિવાય કંઇ મળતું નથી. ઓ કુંભકર્ણો લોભનિંદ્રા, લોભતંદ્રાથી જાગો. નહીંતર મહેનતના કમાણી ગુમાવો!!

ભરત વૈષ્ણવ

-------------------

જોઇએ

રોજ મળવા બહાનું જોઇએ,<br>
તગડું નહીં તો નાનું જોઇએ.<br>
છડેચોક હોય તો શું વાંધો?<br>
કમસેકમ છાનુંછપનું જોઇએ!<br>
આવી ન શકાય તો કહી દો,<br>
ઇક્રારનું કારણ ખપનું જોઇએ<br>
રોકડ સિલક હોય તો ઠીક છે,<br>
નહીંતર ઊધાર ઉછીનું જોઇએ!!<br>
બારહાથના માપની જરૂર નથી,<br>
બસ કેવળ એક વેંતનું જોઇએ!!<br>
પાનેતરનું મળે તો ઉતમ રહેશે,<br>
નહીંતર કપડું કફનનું જોઇએ!!<br>
રોજ મળવા બહાનું તો જોઇએ,<br>
નેવા નહીં તો મોભનું જોઇએ.

ભરત વૈષ્ણવ<br>
૩.૮.૨૦૨૨.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
## સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર.



વિષયઃ શંભુ ભોળા<br>
પ્રકાર : પદ્ય ( અછાંદસ)<br>
શિર્ષક : શ્રાવણ માસમાં

શ્રાવણ માસમાં

શંભુ પધારો મારે ઘેર શ્રાવણ માસમાં,<br>
વાટડી હું જોવું દિન -રાત શ્રાવણ માસમાં.<br>
બિલીપત્રો ચડાવું તમે શિર શ્રાવણ માસમાં,<br>
કંકુ ચોખા ને દૂધળા લાવી શ્રાવણ માસમાં.<br>
નિત સવારે ભજુ ભોળાનાથ શ્રાવણ માસમાં,<br>
અખંડ દિપક જલતો રાખુ શ્રાવણ માસમાં.<br>
શેષનાગ ગળે લગાડીને આવો શ્રાવણ માસમાં,<br>
હાથમાં ડાક-ત્રિશૂળ ધરી આવો શ્રાવણ માસમાં.<br>
વિષને પિનારા ભોળાશંભુ આવો શ્રાવણ માસમાં,<br>
દેવોના દેવ મહાદેવ શંકર આવો શ્રાવણ માસમાં.<br>
મા પાર્વતી ઉમા પતિ પધારોને શ્રાવણ માસમાં,<br>
રમા તારા દર્શનની પ્યાસી આવો શ્રાવણ માસમાં.

રમીલાબેન ડી મકવાણા રમા<br>
લાડુલા તા ભાભર જિ બનાસકાંઠા

-----------------------------------

NOG SS No: 0013<br>
વિષયઃ શ્રાવણના સરવૈયા<br>
પ્રકારઃ અછાંદસ<br>
શીર્ષકઃ ભમ ભમ ભોલે

ભમ ભમ ભોલે બાબા<br>
તારો જ છે આધાર<br>
સાંભળ મારી પુકાર<br>
હે ભમ ભમ ભોલે દાતાર.

ભગીરથ કાજે ગંગાનું<br>
કર્યું તે અવતરણ.<br>
કેવો મહિમા તારો અપાર<br>
હે ભમ ભમ ભોલે દાતાર.<br>
સર્પોની માળા ગળામાં શોભે<br>
અને હાથમાં રુદ્રાક્ષની માળ<br>
તાંડવ નાચી ડમરુ વગાડે<br>
તારો મહિમા અપરંપાર.<br>
પર્વતની ઊંચી ટોચ પર<br>
બેસીને તું ધૂણી ધખાવે.<br>
સ્મશાનની રાખ ચોળીને<br>
તું અલખની ધૂન જગાવે.<br>
બદ્રીનાથ, કેદારનાથ,<br>
અમરનાથ અને સોમનાથ<br>
તુજ વિણ કોણ થશે નાથ<br>
કોણ પકડશે અમારો હાથ ?<br>
તારા ચરણોમાં મળે આધાર<br>
બસ ×શ્યામ× કરે છે પોકાર.<br>
હે ભમ ભમ ભોલે દાતાર<br>
તારો મહિમા અપરંપાર.

ઘનશ્યામ વ્યાસ<br>
શ્યામ

-----------------------------------

NOG SS No -106.<br>
Nog સાહિત્ય સરિતા ગ્રુપ<br>
પ્રકારઃ-ગદ્ય<br>
વિષયઃ- શ્રાવણના સરવરિયા<br>
શીર્ષકઃ-એક ચપટી ભભૂત<br>
શબ્દઃ-૧૦૦

શ્રાવણમાં શિવજીનો મહિમા

શિવ/પાર્વતીની વાતો થી જ શ્રાવણ ની સાધના થાય..

એકવાર દેવલોકમાં મીઠો ઝઘડો જામ્યો. માતા લક્ષ્મીજી અને માતા બ્રમ્હાણીએ માતા પાર્વતીજીને ચઢાવ્યા કે તેઓ દેવોના દેવ મહાદેવના ધર્મ પત્ની હોવા છતાં તેમના માથે ઘરેણા કે આભૂષણ નામની કોઈ ચીજ નથી તો તેની સાથે અન્યાય થઈ રહ્યો છે, ત્યારે માતા પાર્વતી તેમની વાતમાં આવી જઇને મહાદેવ પાસે ગયા અને મહાદેવને કહ્યું કે

×હે સ્વામી.. તમે દેવોના દેવ મહાદેવ અને જગતના પિતા હોય ત્યારે હું તમારી પત્ની મને આભૂષણના નામે એક પણ વસ્તુ કેમ નહીં તો હું તમારા થી નારાજ છું. મને જ્યાં સુધી આભૂષણ ઘરેણા નહીં કરાવી આપો ત્યાં સુધી હું તમારી સાથે વાત નહીં કરું.×

ત્યારે મહાદેવે જરાક હસીને માતા પાર્વતીને કહ્યું

હે દેવી.. આ લ્યો.. આ ચપટી ભભૂત લઈને તમે આપણા કુબેર પાસે કુબેરજી પાસે જાઓ અને તેમને કહેજો કે આ ચપટી ભભૂત ના બદલામાં જેટલા પણ ઘરેણા આભૂષણ આવે તે મને આપી દો.

ત્યારે માતા પાર્વતી થોડા ગુસ્સે થઈને મહાદેવ ને કહ્યું

હે સ્વામી.. તમારે મને આભૂષણ ન આપવા હોય તો કાંઈ નહીં પણ મને નીચા જોયા જેવું થાય તેવું મહેરબાની કરીને ના કરો.

ત્યારે મહાદેવ થોડા સ્મિત સાથે માતા પાર્વતીને કહ્યું હે દેવી.. તમે એકવાર જાવ તો ખરા.

ત્યારે માતા પાર્વતી થોડા ગુસ્સા સાથે કુબેરજી પાસે આવ્યા અને કહ્યું

હે કુબેરજી.. મહાદેવ ની આજ્ઞા છે કે આ ચપટી ભભૂત ના બદલામાં જે કંઈ પણ આભૂષણો આવે તે મને આપી દો.

પછી કુબેરજી એ ચપટી ભભૂત ને ત્રાજવાના એક પલડામાં મૂકી અને બીજા પલડામાં પોતાના ભંડારમાંથી એક પછી એક આભૂષણ મૂકવા લાગ્યા. કુબેરજી નો તમામ ભંડાર ખાલી થઈ ગયો પણ ત્રાજવા નું પલડું જરા સરખું પણ ના ડગ્યું.

ત્યારે માતા પાર્વતીના આંખમાંથી અશ્રુ વહેવા લાગ્યા અને તરત જ દોડતા મહાદેવ પાસે આવ્યા અને મહાદેવને કહ્યું

હે સ્વામી.. મને ક્ષમા કરો, મને નહોતી ખબર કે આ દુનિયામાં જીવસૃષ્ટિમાં કે દેવલોકમાં જે વસ્તુ તમારી પાસે છે એ કોઈની પાસે નથી.

એટલે જ કહેવાયું છે કે..<br>
બખાન ક્યા કરું મૈ લાખો કેઢેરકા,<br>
ચપટી ભભૂતમેં હે ખજાના કુબેરકા×.....

મુક્તિદા ઓઝા.

-----------------------------------

NOG SS No. -- 39<br>
વિષય -- શિવ શંકર<br>
શીર્ષક -- નીલકંઠ<br>
શબ્દો -- ૧૫૪

આખા બ્રહ્માંડમાં શિવ થકી શિવ થયો,<br>
વિવિધ રસ ચાખવા અનેક જન્મો ધર્યા,<br>
સત્ય છે એ જ શિવ, શિવ એ જ સુંદર,<br>
ઘાટ સહુનાં જુદાં, પણ હેમનું હેમ છે.<br>
ડમડમ ડમરું વાગે ને તાંડવઃ કરે શિવ!<br>
નાગદેવ ભરાવી ગળે નર્તન કરે શિવ!<br>
ડોકે ધરી રુદ્રમાળા, માથે લાંબી જટા!<br>
ઝીલે ગંગાની ધારા, રૌદ્ર સ્વરૂપ શિવ,<br>
અંગે ચોળી ભસ્મ, ભાલે લાબું તિલક!<br>
પીધું પ્રેમથી વિષ ને કંઠે રંગ નીલો ભૂરો!<br>
બિરાજે વાઘ ચર્મ પર, હાથમાં ગ્રહી ત્રિશુલ!<br>
કૈલાશ પર જમાવ્યું અડગ આસન.<br>
અંગે ભભૂતિ ને પયપાન કરે ભાંગનું,<br>
રૂપ એના જૂજવાં તો ય એ અનંત,<br>
સર્જન અને વિસર્જન શિવ એ જ અંત,<br>
નિરંકારી ને ગુરુ, ભાવિ ને શિવ ભૂત.<br>
કંઠે વિષ ધરી આપે જે અમૃત વળી,<br>
દુઃખ, કષ્ટ ભક્તોના કાપે ઘડી ઘડી!<br>
દેવ ને તત્વ શિવ, પવન ને પાણી શિવ<br>
ભૂમિ શિવ, વૃક્ષ શિવ એક શ્રી હરિ શિવ!<br>
ૐ શિવ, જીવ શિવ, શૂન્યમાં શબ્દ શિવ!<br>
જળમાં શિવ, સ્થળમાં શિવ, આભ ને ધરામાં શિવ!

પ્રફુલ્લા પ્રસન્ના અમદાવાદ

-----------------------------------

NOG.SS.No.0098<br>
વિષયઃ- શ્રાવણ ના સરવરિયા<br>
શીર્ષકઃ- બાર જ્યોતિર્લિંગ ના સ્મરણ<br>
પ્રકારઃ- પદ્ય

બાર જ્યોતિર્લિંગ ના સ્મરણ

કાશી મધુવન થઈ જાય,<br>
વિશ્વનાથ ધડકન થઈ જાય!<br>
નયનો માં મહાકાળ બસે તો,<br>
સંન્યાસી આ મન થઈ જાય!<br>
સોમનાથના કરીએ સ્મરણ,<br>
મલ્લિકાર્જુન તન થઈ જાય!<br>
મમલેશ્વરના ધ્યાન કરીએ,<br>
વૈધનાથ આંગન થઈ જાય!<br>
ભીમાશંકરના થાય દર્શન તો,<br>
નારેશ્વર તપોવન થઈ જાય!<br>
ત્રયંબકેશ્વર હો નયનોમાં,<br>
ઘુશમેશ્વર અંજન બની જાય!<br>
રામેશ્વરમાં રામ મળે તો,<br>
રજ કેદારનાથ બની જાય!<br>
॥ ઓમ નમઃ શિવાય॥

લીના શર્મા<br>
હાલોલ..

# માનસ પ્રવક્તા એ બે ચરિત સાચવવાના પોતાનું તથા માનસનું : મોરારીબાપુ

## રત્નાવલી એવોર્ડ અને સાત દિવસના આ ઉત્સવનાં મનોરથ સાથે તુલસી સંગોષ્ઠી સંપન્ન--



## તુલસી ભાવાવરણથી મહુવાનું કૈલાસ ગુરૂકુળ પાવન

તલગાજરડા

શ્રાવણ મહિનાના શુક્લ પક્ષની સપ્તમી રામચરિત માનસના સર્જક પૂ.ગોસ્વામી તુલસીદાસજીની જન્મ જયંતીના ઉપલક્ષ્યમાં દર વર્ષે પૂ.મોરારીબાપુની પાવન સન્નિધીમાં સને ૨૦૧૦ થી શરૂ થયેલી શૃંખલા ચાલુ વર્ષે સને ૨૦૨૨માં ૧૨ મણકા તરીકે આજરોજ ચતુર્દિવસીય તુલસી જન્મોત્સવના ભાગરૂપે સંપન્ન થઈ.

સૌને અવગત છે તે મુજબ આપણાં રામચરિત માનસના વિદ્વાનો અને આ ક્ષેત્રમાં પ્રદાન કરનાર સંસ્થાઓને વિશિષ્ટ રીતે વંદના કરવા તુલસી એવોર્ડ,વ્યાસ અને વાલ્મિકી એવોર્ડ અર્પણ કરવામાં આવે છે.સને ૨૦૧૦ ની શૃંખલામાં અને સને ૨૦૧૫ થી વાલ્મિકી અને વ્યાસ એવોર્ડની પૂર્તિ કરવામાં આવી હતી.આ એવોર્ડ મેળવનાર મહાનુભાવને સૂત્રમાલા, પ્રશસ્તિપત્ર અને સવા લાખ રૂપિયાની રાશિથી ભાવવંદના કરવામાં આવે છે.ચાલુ વર્ષે આવાં વિવિધ ક્ષેત્રોમાં પોતાનું પ્રદાન કરનાર નવ જેટલાં મહાનુભાવોને પસંદ કરીને તેની વંદના આજરોજ તારીખ ૪ -૮ -૨૨ ના રોજ કૈલાશ ગુરુકુળ મહુવાના જગતગુરૂ આદિ શંકરાચાર્ય સભાગૃહમાં કરવામાં આવી.

આ એવોર્ડ પ્રાપ્ત કરનારાં વિદ્વાનોમાં વાલ્મીકિ એવોર્ડ સર્વેશ્રી પુ.જગદગુરુ શ્રી માધવાચાર્યજી મહારાજ (અયોધ્યા),શ્રી વિજયશંકર દેવશંકર દયાશંકર પંડ્યા (અમદાવાદ), રામાયણ સીરીયલના નિર્માતા સ્વ.રામાનંદ સાગરને અપાયેલો એવોર્ડ તેમના પુત્ર શ્રી પ્રેમસાગરે સ્વીકાર્યો હતો.વ્યાસ એવોર્ડ ભાગવતાચાર્ય પૂ. શરદભાઈ વ્યાસ (ધરમપુર), આચાર્ય ગોસ્વામી શ્રી મૃદુલ કૃષ્ણજી મહારાજ (વૃંદાવન)ના પ્રતિનિધિ ઉમાશંકરજીને તથા મહાભારત સીરીયલના નિર્માતા શ્રી બી. આર. ચોપરાનો એવોર્ડ તેના પ્રતિનિધિ સુશ્રી પ્રીતિબેન વખારીયાએ સ્વીકાર્યો હતો. તૃતિય ક્રમના તુલસી એવોર્ડ સુશ્રી રામબેન હરિયાણી (જયપુર), શ્રી મુરલીધરજી મહારાજ (ઓમકારેશ્વર) અને મહંત શ્રી રામ હ્દયદાસજી (ચિત્રકૂટ ધામ સતના મધ્યપ્રદેશ)ની ભાવવંદના થઈ હતી.

એવોર્ડ સમારંભમાં પોતાની વાણીથી મુખરિત કરતાં પુ. મોરારીબાપુએ કહ્યું કે આ ત્રિભુવન ગ્રંથનું જે વિદ્વાનો પોતાના મુખથી ગાયન કરી રહ્યાં છે તે બધાં જ મહદની ‘પાદુકા અભિષેક‘ કરવાનું ખૂબ ગમે છે. આ એવોર્ડ ઉપક્રમ તે માત્ર એક કડીરૂપ છે, માધ્યમ છે.પરંતુ વાસ્તવમાં આપ સૌની વંદના અંદરથી ઊર્જાના ભાવો પ્રગટ કરે છે.× શાયરી તો સિર્ફ બહાના હૈ અસલી મકસદ તો આપકો રીજાના હૈ× તલગાજરડા ઈચ્છે છે કે આ ભૂમિ પર આ ઉપક્રમ સતત પ્રજવલિત રહે.આપ સૌ આવતાં રહેજો.હવે પછીના મણકામાં આપણે આ ચતુર્દિવસીય મહોત્સવને સપ્તકમાં બદલી દઈએ તેવો મનોરથ પણ છે.કોઈએ સૂચન પણ કર્યું કે તુલસીજીના નામ સાથે વંદના થતી હોય તો રત્નાવલીજીને પણ આપણે યાદ ન કરી શકીએ..!? તો રત્નાવલી એવોર્ડ તરીકે પણ એક માતૃશક્તિની વંદના ભવિષ્યમાં આપણે કરીએ.કથા વાંચકોએ પાંચ વસ્તુઓનું પર તરફ વિશેષ ધ્યાન કેન્દ્રિત રાખવું જોઈએ. કથન,શ્રવણ,સ્મરણ,ગાયન અને અનુમોદન તેમાં નર્તનને પણ આપણે જોડી શકીએ. જે કહેવું છે તે સ્પષ્ટ અને કોઈપણ બાબતમાં તટસ્થ થઈને કહેવું જોઈએ.લોકો તો વાત કરવાનો મોકો શોધતાં હોય છે. પરંતુ જે ભજન કરે છે તેમને કોઈની કોમેન્ટમાં ધ્યાન આપવાની જરૂર નથી.બુદ્ધ પુરુષો દીક્ષા અને ભિક્ષા દે છે. દરેક વ્યક્તિએ પોતાનું અને રામચરિત માનસ એમ બંનેના ચરિત્રને સંભાળવાના હોય છે.ત્રણ બાબતો પર ખૂબ જરૂરી છે તમે જે ગાઓ છો, તેના પર ગુણાતીત શ્રદ્ધા હોવી જોઈએ.બીજું અવસર મળે ત્યારે સાધુસંગ કરી લેવો અને છેલ્લું જે શરણમાં પ્રેમ હોય તેનું ભજન કરી લેવું. વ્યાસ કોઈ ફ્રેમમાં મઢી શકાય નહીં. સાધુમાં દ્વેષ ન હોય અને જે સૌનું ઈષ્ટ ઈચ્છે તે સાધુ.

મોરારીબાપુએ તલગાજરડાના ચિત્રકૂટ ધામના નામકરણની સરસ તાર્કિક દલીલ આપી હતી. ભારતભરના ભાગવત, રામાયણ, મહાભારત અને વેદ -ઉપનિષદ જેવાં સંસ્કૃતના ગ્રંથના અનેક વિદ્વાનો ખૂબ મોટી સંખ્યામાં ચાર દિવસ સુધી મહુવાના કૈલાશ ગુરુકુળ ખાતે પૂ. મોરારીબાપુની આતિથ્યભાવનાથી ગદગદિત થઈ ગયાં હતાં.આ સમગ્ર કાર્યક્રમનું ભાવવરણ તુલસીમય બની ગયું હતું.

મંચનું સંચાલન શ્રી હરીશચંદ્રભાઇ જોશીએ તથા વ્યવસ્થાને સંકલન શ્રી જયદેવભાઈ માંકડે કર્યા હતાં.

prdpraval

# હવે થી નવો નિયમ આવ્યો..

NA ( Non agriculture / bin ખેતી ) થયેલી જમીન માં રહેણાંક / residence માંથી કોમર્શિયલ / વાણિજ્ય હેતુ માં જમીન ફેરવાતી હોય તો હેતુ ફેર અભિપ્રાય ની જરૂરત રહેતી નથી.....મતલબ કે કોઈએ ખેતી ની જમીન ને બિન ખેતી કરેલી હશે અને એ હેતુ રહેણાંક માટે પ્લોટ પાડેલા હશે તો એ જ પ્લોટ પર નો હેતુ વાણિજ્ય / ધંધાદારી કરવો હશે તો એમાં હેતુફેર અભિપ્રાય કરવો નહિ પડે.....કોઈને પોતાના રહેણાંક નાં પ્લોટ માં ભેંસ નો તબેલો કરવો હોય તો હવે થી હેતુ ફેર કરાવવો નહિં પડે....એ પ્લોટ પર એ કોઈપણ વાણિજ્ય / ધંધાદારી હેતુ માટે ઉપયોગ કરી શકશે

# સરકાર સામે બાયો ચડાવનાર તલાટીઓની કામગીરીથી શિક્ષકોને દૂર રહેવા ફરમાન

બનાસકાંઠા બ્યુરો

રાજયભરમાં તલાટીઓ હડતાલ પર ઉતરતા પંચાયત સેવાઓ ઠપ થઈ જવા પામી છે જયારે ગામડાઓમાં ચાલતી ગ્રામસભાની કામગીરી પણ બંધ થઈ ગઈ છે. જો કે સરકારે ગ્રામસભાની કામગીરી શિક્ષકો પર થોપી દેતા શિક્ષક સંઘ પણ લાલઘુમ થયો છે અને પ્રાથમિક શિક્ષકોને ગ્રામસભાની કામગીરી ન કરવા આદેશ કર્યો છે. પોતાની પડતર માંગણીઓને લઈને રાજયભરના તલાટી કમ મંત્રીઓએ હડતાલનો માર્ગ અખત્યાર કર્યો છે. જેને ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘે ટેકો જાહેર કર્યો છે. અને શિક્ષકો ને હડતાલિયા તલાટીઓની કામગીરીથી દૂર રહેવાનું ફરમાન જાહેર કર્યું છે. બનાસકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ સંજયભાઈ દવે અને મહામંત્રી પ્રાગજીભાઈ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યા મુજબ, ૨જી ઓગસ્ટથી તલાટી કમ મંત્રીઓ અનિશ્ચિત મુદતની હડતાળ પર છે. ત્યારે તલાટી કમ મંત્રીના ભાગની કામગીરી તેમજ બાકી ગ્રામસભાઓ વગેરે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાના આચાર્ય અને પ્રાથમિક શિક્ષકો દ્વારા ગ્રામસભા ઓ યોજવાના અને બાકી કામગીરી કરવાના પત્રો ટીડીઓ દ્વારા કરવામાં આવેલ છે.

ત્યારે તલાટીઓની હડતાળને બનાસકાંઠા પ્રાથમિક શિક્ષક સંઘે ટેકો આપેલ હોઈ તેમજ ગ્રામસભાએ શિક્ષકોની કામગીરી ન હોવા ઉપરાંત તે રાષ્ટ્રીય કામગીરી પણ નથી. ત્યારે બનાસકાંઠા જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ હસ્તકની સરકારી પ્રાથમિક શાળાના આચાર્ય અને શિક્ષકોને ગ્રામસભાની કામગીરીથી દૂર રહેવાનો આદેશ કરાયો હોવાનું પ્રમુખ સંજય દવે એ જણાવ્યું હતું.

# “હર ઘર તિરંગા”ના કાર્યક્રમ અંતર્ગત સંચાલકશ્રી તેમજ હોદ્દેદારો સાથે ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે બેઠક યોજાઈ



તારીખઃ ૦૪/૦૮/૨૦૨૨ ગાંધીનગર.

આગામી ૧૩ થી ૧૫ ઓગસ્ત દરમિયાન “હર ઘર તિરંગા”ના કાર્યક્રમ માટે જન-જન સુધી દરેક ઘરે તિરંગો લગાવવાનો સંદેશ પહોંચે તથા આ કાર્યક્રમનો બહોળો પ્રચાર-પ્રસાર થાય તેવા શુભ આશયથી ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આજરોજ ગાંધીનગર મહાનગરપાલિકાના કોન્ફરન્સ હોલમાં ગાંધીનગરના હોટેલ સંચાલકશ્રીઓ , ગાંધીનગરના વિવિધ સ્પર્ધાત્મક ઈન્સ્ટીટયુટ અને એકેડમીના સંચાલકશ્રીઓ, રીડીંગ લાઈબ્રેરીના સંચાલકશ્રીઓ , વ્યાપારી મંડળ અને વિવિધ શોપિંગ સેન્ટરના હોદ્દેદારશ્રીઓની સાથે હર ઘર તિરંગા કાર્યક્રમ અંતર્ગત પી.આર.ઓશ્રીના સંકલનમાં મિટિંગ કરવામાં આવી હતી. જેમાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત હર ઘર તિરંગા કાર્યક્રમથી માહિતગાર કરી તમામ નાગરિકોને અને તમામ વ્યવસાયિક સંચાલકશ્રીઓને ઘર ઘર તિરંગા લહેરાવીને સ્વતંત્રતા પર્વ ઉજવવાના સંકલ્પ સાથે આહવાન કરેલ છે.

# પાલનપુર ના સિમલાગેટ વિસ્તાર માં શાકભાજી ની લારીઓ વાળા નો અડીંગો

## સિમલાગેટ માં વધતીજતી ટ્રાફિક સમસ્યા થી લોકો ત્રાહીમામ. જવાબદાર કોણ?

(બનાસકાંઠા પાલનપુર )

બનાસકાંઠા જીલ્લા ના પાલનપુર ના ભરચક વિસ્તાર સિમલાગેટ પોલિસ ચોકી આગળ જ શાકભાજી ની લારી ગલ્લા વાળા ઓ દાદાગિરી થી અડીંગો જમાવી બેઠા છે. જેના લિધે આજુ બાજુ ના ૨૦૦ ગામો ની વસ્તી ખરીદી કરવા આવતી ત્રાહીમામ પોકારી ઉઠી છે. સિમલાગેટ પોલીસ ચોકી આગળજ જો ટ્રાફિક સર્જાતી હોય તો ફરિયાદ કરવી કોને? એ પણ જનતા નો સળગતો સવાલ છે. બિલાડી ને દુધ ની રખેવાળી કરવા આપી હોય તો સુ? થાય આ બાબતે સિમલાગેટ પોલીસ પણ જવાબદાર ગણાઇ રહી છે. એક તરફ ચોમાસા ની ઋતુ ચાલે છે છેલ્લા દસ દીવસ થી વરસાદે વિરામ લિધો નથી જેના લિધે સિમલાગેટ વિસ્તાર માં ઠેર ઠેર પાણી ભરાયા છે. તો બિજી તરફ જોઈએ તો લારીઓ વાળાઓ અડીંગો જમાવી બેઠા છે. જેના લિધે શાકભાજી લેવા આવતી ગ્રુહિણીઓ પણ ભારે મુશ્કેલીઓ માં મુકાઇ છે. તંત્ર દ્વારા સત્વરે સિમલાગેટ વિસ્તાર ની ટ્રાફિક સમસ્યા દુર કરવામાં આવે તેવી લોકમાંગ છે.

# ખારીઘારીયાલ પ્રા. શાળામાં ગણવેશ વિતરણ યોજાયો



રિપોર્ટ નિખિલ જોશી
પાટણ બ્યુરો

પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના ખારીઘારીયાલ પ્રાથમિક શાળામાં ખારીઘારીયાલ ગામના વતની અને સુરતમાં કર્મભુમી કરી કાર્ય કરનાર બાબુભાઇ જોઇતારામ પટેલ (માડી) તેમજ તેમના પરિવાર તરફથી શાળા ના બાળકો ૨૩૮ નંગ ગણવેશનું વિતરણ કરવામાં આવ્યું.આ પ્રસંગે બાબુભાઈ (માડી),કાંતિભાઇ (માડી) , પ્રહલાદભાઇ, વિષ્ણુભાઇ,શંકરભાઈ,ઉપસરપંચ હસમુખભાઇ,

શિવરામભાઇ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.શાળા ના આચાર્ય પ્રવિણભાઇ પટેલ તેમજ શાળા પરિવારે ખુબ સરસ આયોજન કરી શાળા ના તમામ બાળકોને ગણવેશ વિતરણ કરવામાં આવ્યું.

# સરસ્વતી તાલુકાના વામૈયા ખાતે પુરબાફઈ માતાજીનો બીજો પાટોત્સવ યોજાયો

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

વામૈયા ૫

પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકામાં આવેલા વામૈયા ખાતે જયશ્રી પુરબાફઈ માતાજીનો બીજો પાટોત્સવ યોજવામાં આવ્યો હતો સરસ્વતીના વામૈયા ખાતે આવેલા પુરબાફઈ માતાજી ના મંદિર નો બીજો પાટોત્સવ યોજાયો હતો જેમાં હવન યજ્ઞ કરવામાં આવ્યો હતો અને સવારે ડીજેના તાલે ભવ્ય શોભાયાત્રા નિકળી હતી જેમાં ગામના ગોદરાથી ગામ ની ફરતે




ફરીને માતાજીના નીજ મંદિરે શોભાયાત્રા પૂર્ણ કરવામાં આવી હતી આ શોભાયાત્રા દરમિયાન મોટી સંખ્યામાં ગામ લોકો તેમજ આજુબાજુના ગામના ભગતો અને લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા તેમજ તમામ લોકો માતાજીની પ્રસાદ રૂપે ભોજન આરોગ્યા હતું તેમજ લોકોએ પુરબાફઈ માતાજીના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી

એસ બી હિન્દુસ્તાન ઍલ્ફી ચેનલ ના કોમેડી કિંગ ના કલાકાર મહેન્દ્રસિંહ (ફુમતાજી) મફુકાકા, દશરથસિહ (હરીભા) ભાવેસિંહ (ખેંગારજી) વાઘુભા, ભરતસિંહ જલુભા (બાસ્કુસિહ) બળવતસિંહ (બલ્લુ) ભુપતસિહ, અભિક,તેમજ તેમના પરિવાર તથા ગ્રામજનો ને જહેમત ઉઠાવી હતી અને પ્રસંગને દીપાવ્યો હતો



આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આજે તિરંગા યાત્રા નું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના સેક્ટર ૨૧માંથી આ તિરંગા યાત્રા નીકળી હતી. જે સેક્ટર ૨૧ માં ફરી ને સેક્ટર - ૨૨ ખાતેના પંચદેવ મંદિરે પહોંચી હતી. યાત્રા અંતર્ગત નાની બાળાઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકા ના મેયરશ્રી હિતેશભાઈ મકવાણા, ડે. મેયર શ્રી પ્રેમલ સિંહ ગોલ, સ્ટે કમિટી ચેરમેન શ્રી જશવંતભાઈ પટેલ , શહેર ભાજપ મંત્રી શ્રી રુચિર ભાઈ ભટ્ટ, કાઉન્સિલર શ્રી ઓ તેમજ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યાં હતા અને આ યાત્રાને સફળ બનાવી હતી.

# ખીમેશ્વર ગૌ શાળા પરિવાર દ્વારા જગતના પ્રથમ એવા રોટલીયા હનુમાનજીનું બીજું ભવ્ય મંદિર બનશે

પાટણ : અન્ન પૂર્ણ પરબ્રહ્મ છેજે દરેક ભૂખ્યા જીવોની ભુખ

ઠારે છે.પાટણ શહેરમાં જગતના પ્રથમ એવા શ્રી રોટલીયા હનુમાનજી નું ભવ્ય મંદિર આવેલું છે.જયાં ભક્તો દ્વારા રોટલી કે રોટલા પ્રસાદ તરીકે ચડાવામાં આવે છે જેના કાર્યદ્વારા રોજ સેંકડો અબોલજીવો ને રામરોટી પ્રસાદ તરીકે વિતરણ કરવામાં આવે છે. જેની પ્રેરણા થકી સાંતલપુર સ્થિત ખીમેશ્વર ગૌ શાળા પરિવાર દ્વારા રોટલીયાહનુમાનજી ની સ્થાપના કરવામાં આવશે. જેના લીધે જીવદયા ભક્તો ને દાદા ના દર્શન સાથે જીવદયા નો પણ લાભ મળશે. દરેક જગ્યાએ શ્રી રોટલીયા હનુમાનજી ની સ્થાપના થાય અને જેના માધ્યમથી આપણે મુંગા અને અબોલ જીવોની ભૂખ ઠારી શકાય એવી ભાવના શ્રી રોટલીયા હનુમાનજી મંદિર પાટણ ના પ્રણેતા અને સંસ્થાપક પ્રમુખ શ્રી સ્નેહલભાઈ પટેલે વ્યક્ત કરી

રિપોર્ટ :ભરત જોષી (મહારાજા)

# સાંતલપુર ખીમેંશ્વર ગૌ શાળા ખાતે શ્રી સ્નેહલભાઈ પટેલ ની રામરોટી તુલા કરવામાં આવી



સાંતલપુર : આજરોજ પાટણ જિલ્લાના અગ્રણી આગેવાન તેમજ વિવિધ સેવાભાવી અને સમાજસેવી સંસ્થાઓ સાથે જોડાયેલ જીવદયાપ્રેમી એવા શ્રી સ્નેહલભાઈ પટેલ ની ગુજકોમાસલની ડિરેક્ટર પદે નિયુક્તિ થવા બદલ સાંતલપુર સ્થિત ખીમેશ્વર ગૌશાળા ખાતે ૧૨૫ કિલો રોટલા દ્વારા રામરોટી તુલા કરવામાં આવી. જે રોટલા માં ઘી ગોળ,હળદર,અજમો,તજ, લવિંગ જેવી વિવિધ પ્રકારની ગુણકારી ઔષધિ મિશ્રણ કરી.ગૌ શાળામાં લંપી થી પીડાથી ગાયોને તુરંતજ ખવડાવી સર્વ ગૌધન સુરક્ષિત રહે એવી પ્રાર્થના કરવામાં આવી. આ પુણ્ય પ્રસંગે ગૌશાળા ના સંચાલકો,સર્વ સેવકો. ગૌ ભક્તો,તેમજ જીવદયા પ્રેમીઓ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ભરત જોષી (માહારાજ)
પાટણ....



ગામ ઈસનપુર ગાંધીનગર ખાતે ઈફકો દ્વારા નેનો યુરિયા ને ડ્રોન ટેકનોલોજી થી ચંટકાવ કરવાનો પ્રથમ પ્રયાસ કાર્યક્રમમાં ગુજરાતના લોકપ્રિય સરળ સજ્જન મૃદુ પણ મક્કમ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ જી ઈફકો , એન.સી.યુ.આઈ. ગુજકોમાસોલ ચેરમેન શ્રી દિલીપ સંઘાણી જી સાથે પ્રદેશ ભાજપ મીડિયા વિભાગના શ્રી શૈલેષ પરમાર

# કિશોરીની છેડતીના કેસમાં જામીન પર છૂટીને આવેલા પત્રકાર પર જીવલેણ હુમલો



બનાસકાંઠા બ્યુરો

ડીસા શહેરમાં ૧૪ વર્ષની કિશોરીની યુ ટ્યુબ ચેનલના પત્રકારે પોતાની ઓફિસમાં બોલાવી છેડતી કરતા પોલીસ ફરિયાદ થઈ હતી. જે કેસમાં બે દિવસ અગાઉ જ જામીન પર છૂટીને આવેલા પત્રકારને બુધવારે ફરીથી ચાર યુવકોએ ડીસા કોર્ટ આગળ જ જાહેરમાં હુમલો કરી ગંભીર ઇજા પહોંચાડી હતી.જે મારપીટનો લાઇવ વિડિયો પણ સોશિયલ મીડિયામાં ફરતો થયો હતો. ડીસામાં કે એસ ન્યુઝ ચેનલ નામની યુ ટ્યુબ ચેનલ ચલાવતા ખેતાજી સોનાજી માળી ( રહે, ચંદાજી ગોળીયા, તા. ડીસા) એ પોતાની ઓફિસમાં ૧૪ વર્ષની કિશોરીની છેડતી કરતા કિશોરીના પરિવારજનોએ તેની મારજુડ કરી તેની સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જે કેસમાં પોલીસે તેની ધરપકડ કરી સબ જેલમાં મોકલ્યો હતો. જેમાં બે દિવસ અગાઉ જ ખેતાજી માળીનો જામીન પર છુટકારો થયો હતો. ત્યારબાદ બુધવારે બપોરે ખેતાજી માળી કોર્ટનું કામકાજ પતાવી કોર્ટમાંથી બહાર નીકળ્યો ત્યારે બાઈક પર આવેલા ચાર યુવકોએ ખેતાજીની કાર પર હુમલો કરી કારમાં જ લોહી લુહાણ કર્યા હતા. આ બનાવથી ઘટના સ્થળે લોકોનું ટોળું એકત્ર થઈ જતા હુમલાખોરો બાઈક પર નાસી છૂટ્યા હતા.જયારે ખેતાજી માળીને

૧૦૮ મોબાઈલ વાનમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો. હુમલાનો લાઈવ વિડિયો પણ સોશિયલ મીડિયામાં તુરંત જ ફરતો થતા લોકોમાં પણ કુતુહલ સર્જાયું હતું. જે અંગે ખેતાજીએ પોલીસને જાણ કરતા પોલીસે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી વધુ તપાસ હાથધરી છે.

## ‘નારી વંદન ઉત્સવ, જિલ્લો ડાંગ‘:

# ડાંગ જિલ્લા યોજાયો મહિલા નેતૃત્વ દિવસ ;



આહવાઃ તાઃ ૫ઃ રાજય સમસ્તની જેમ ડાંગ જિલ્લામા પણ નારી વંદન ઉત્સવ ખુબ જ ઉત્સાહવર્ધક વાતાવરણમા યોજાઈ રહ્યો છે. જેના ભાગ રૂપે આહવા તાલુકા પંચાયત ખાતે ઉત્સવ ઉજવણીના ચોથા દિવસે એટલે કે તા.૪/૮/૨૦૨૨ ના રોજ ‘મહિલા નેતૃત્વ દિવસ‘ની ઉજવણી કરવામા આવી હતી.

ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલની ઉપસ્થિતિમા યોજાયેલા ‘મહિલા નેતૃત્વ દિવસ‘ ઉજવણી કાર્યક્રમમા ડાંગ જિલ્લામા જુદા જુદા ક્ષેત્રોમા યોગદાન આપી રહેલી મહિલાઓનુ માહાત્મ્ય ગવાયુ હતુ.

દરમિયાન ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે મહિલા સશક્તિકરણ ક્ષેત્રે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીઘર્દ્રષ્ટીનો ખ્યાલ આપી, આજે દેશના સર્વોચ્ચ સ્થાન એવા રાષ્ટ્રપતિપદે પણ એક આદિવાસી મહિલાને સ્થાન મળ્યુ છે. જે મહિલાઓ પરત્વે કેન્દ્ર અને રાજ્ય સરકારની દ્રઢ ઈચ્છાશક્તિ દર્શાવે છે તેમ જણાવ્યુ હતુ. ધારાસભ્યશ્રીએ મહિલા કલ્યાણને વરેલી રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓની જાણકારી આપી, ડાંગ જિલ્લામા ગૌરવભેર આગળ વધી રહેલી દરેક ક્ષેત્રની મહિલાઓને અભિનંદન પાઠવી, આત્મવિશ્વાસ સાથે આગળ વધવાની હાંકલ કરી હતી.

કાર્યક્રમમા આહવા તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી કમળાબેન રાઉત સહીત જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના અધ્યક્ષા શ્રીમતી નીલમ ચૌધરી, આરોગ્ય સમિતિના અધ્યક્ષા શ્રીમતી હેતલબેન, સહીત તાલુકા અને જિલ્લા પંચાયતના મહિલા પદાધિકારીઓ, મિશન મંગલમની મહિલા કર્મચારીઓ, કર્મયોગી બહેનો વિગેરેએ મહિલાઓના આત્મ સન્માનને વધારતા કાર્યક્રમને વધાવ્યો હતો. આ વેળા નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી યોગેશ જોશી સહિતના અધિકારીઓએ પણ ઉપસ્થિત રહી કાર્ય વ્યવસ્થા સંભાળી હતી.

નરેન્દ્ર પવાર
ડાંગ

## દિવસમાં અંધારપટ છવાયું.....અંબાજી માં મેઘ મહેર

# અંબાજી જાહેર બજારમાં નદી જેવો માહોલ વાહનો પણ અટવાયા

યાત્રાધામ અંબાજી માં મેઘ રાજાએ વરસાદ ની ધમાકેદાર એન્ટ્રી શરૂ થઈ હતી.. અંબાજી માં બપોર પછી આકાશ માં કાળા વાદળો છવાતા અંધારું પટ છવાયું હતું. સાથે વરસાદ ની ધુઆધાર બેટિંગ ચાલુ થતા અંબાજી ના તમામ માર્ગો પર વરસાદી પાણી જોવા મળ્યું હતું. અંબાજી ના બજારો માં ભારી વરસાદ ના લીધે વરસાદી પાણી નદી ની જેમ પાણી ચાલતું નજરે પડ્યું હતું.

આજે વહેલી સવારથી અંબાજી અને આજુ બાજુના વિસ્તારો માં ધીમે ધારે વરસાદ વરસી રયો હતો . એકાએક બપોર પછી વાતાવરણ માં પલટો આવતા વરસાદ ની ધમાકેદાર



એન્ટ્રી થઈ હતી. અંબાજી અને આજુ બાજુ ના વિસ્તારો માં બપોર પછી અચાનક કાળા બાદલ આકાશ માં છવાયા હતા ત્યારે અચાનક ભારી વરસાદ ની શરૂઆત થઈ હતી. મેઘરાજા ની ધમાકેદાર એન્ટ્રી થી વાતાવરણ માં ઠંડક પસરી હતી.સાથે સાથે લોકેએ ભારી ગરમી થી રાહત મેળવી હતી. અંબાજી માં વરસાદ વરસતા તમામ માર્ગો પાણી પાણી થયા હતા. અંબાજી ના માર્ગો પાણી પાણી થતા અમુક વાહનો પણ અટવાયા હતા .જેના લીધે થોડી ટ્રાફિક જામ ની સ્થતિ પણ સજાઈ હતી.

# કાણોદરના જાહેર માર્ગ ઉપર રખડતા ઢોરોનો ત્રાસ.



(બનાસકાંઠા સમાચાર ) પાલનપુરના કાણોદર ગામના જાહેર માર્ગ ઉપર અવાર નવાર અકસ્માત સર્જાય છે.જેમાં અનેક લોકો મોત ને ભેટ્યા છે. ત્યારે છેલ્લા કેટલાય સમયથી જાહેર માર્ગ ઉપર રખડતા ઢોરોનો ખડકલો હોવાથી જાહેર માર્ગ ઉપર અકસ્માત થાય છે અને અકસ્માતના પગલે નિર્દોષ લોકોના મોત થાય છે ત્યારે સત્વરે બનાસકાંઠા જિલ્લા વહીવટ તંત્ર દ્વારા આ રખડતા ઢોરોને પાંજરાપોળે મુકવામાં આવે અને આ અકસ્માત બંધ થાય તે માટેના યથાર્થ પ્રયત્ન કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

# પાલનપુર સિવિલમાં સ્વાઈન ફ્લૂથી સગર્ભા મહિલાનું મોત

(બનાસકાંઠા સમાચાર )

પાલનપુરની સિવિલ હોસ્પિટલમાં એક દિવસમાં અંદાજિત ૧૨૦૦ જેટલાં દર્દીઓ સારવાર લેતા હોય છે. ત્યારે સિવિલ હોસ્પિટલમાં સારાવાર અર્થે આવેલી એક સભર્ગા મહિલાને સ્વાઈન ફ્લૂ પોઝિટિવ આવતા ડોક્ટરોએ તેની સારવાર ચાલુ કરી હતી, પરંતું મહિલાને ડોક્ટરો બચાવી શક્યા નહોતા.

આ અંગે ડોક્ટર સુનીલ જોશી જણાવ્યું હતું કે, સિવિલ હોસ્પિટલ પાલનપુરમાં છેલ્લા ઘણા સમયથી દિવસ દરમિયાન ૯૦૦ જેટલાં દર્દ રહેતા હતા. જોકે, જે વધીને હવે ૧૨૦૦ સુધી પહોંચી ગયા છે. બાળ રોગોનો વિભાગ, એનટી




વિભાગ અને મેડિસિન વિભાગમાં તાવ, શરદી, ખાસી, નાકમાંથી પાણી આવવું, શ્વાશ ચડવો એવી જાતની બીમારીઓ સાથે આવતા હોય છે.સામાન્ય બિમારી હોય ઓછી તકલીફ હોય એને દવાઓથી પ્રાથમિક સારવારથી મટી જતું હોય છે, પરંતુ તકલીફ વધારે થાય અને ઓક્સિજનની રિક્વાયરમેન્ટ વધી જાય તો દર્દીને દાખલ થવું પડે છે. એના માટે સીટી સ્કેન આર્ટિપીસીઆર અને ૐ૧ङ१ સ્વાઈન ફ્લૂના ટેસ્ટ કરવાના આવતા હોય છે. યારે સિવિલ હોસ્પિટલમાં સારાવાર અર્થે આવેલી એક સભર્ગા મહિલાને સ્વાઈન ફ્લૂ પોઝિટિવ જેને સારવાર આપી પણ અમે બચાવી ન શક્યા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.